PRGI NO. GJGUJ/25/A31283

# ન્યુઝ આઈ

દૈનિક

Bharuch

માલીક, પ્રકાશક, તંત્રી : નિરવ અનિલભાઈ પંડ્યા, મો.૯૪૨૯૯ ૪૭૭૯૯
Owner, Publisher, Editor: Nirav Anilbhai Pandya, Mo.:-94299 47799.

Volume/Year-01 ● Issue-206 ● Date: 19-08-2026 ● WEDNESDAY ● Page: 04 • Price: Rs.04/-

રજી. કાર્યાલય :- બી-૧૩, ભાવના ફાર્મ, રાજપીપલા રોડ, અંકલેશ્વર, જિ. ભરૂચ-૩૯૩૦૦૨.
Regd. Off. : B-13, Bhavna Farm, Rajpipla Road, Ankleshwer, Dist.Bharuch-393002.

www.newseye.co.in

Email:- newseyedaily26@gmail.com, newseye11@yahoo.com

19-08-2026_NewsEye_206__1

# ગુજરાત ગેસે CNGના ભાવમાં રુ.૩.૭૫નો વધારો, કિલો દીઠ ચૂકવવા પડશે ૮૮.૭૬

## CNGના ભાવમાં થયેલા આ વધારાની સીધી અસર રોજિંદા વાહનનો ઉપયોગ કરતા લાખો લોકોના બજેટ પર પડી શકે છે

અમદાવાદ, તા.૧૮

મોંઘવારીનો સામનો કરી રહેલા ગુજરાતના સામાન્ય નાગરિકોને વધુ એક આંચકો લાગ્યો છે. ગુજરાત ગેસ કંપની લિમિટેડે CNGના ભાવમાં પ્રતિ કિલો ૩.૭૫નો વધારો કર્યો છે. ભાવવધારા બાદ હવે ગુજરાત ગેસના CNG માટે ગ્રાહકોએ પ્રતિ કિલો ૮૮.૭૬ ચૂકવવા પડશે. અગાઉ CNGનો ભાવ પ્રતિ કિલો ૮૫.૦૧ હતો. કંપની દ્વારા વધારવામાં આવેલા નવા ભાવ સોમવારની મધરાત બાદથી લાગુ કરવામાં આવ્યા છે.

CNGના ભાવમાં થયેલા આ વધારાની સીધી અસર રોજિંદા વાહનનો ઉપયોગ કરતા લાખો લોકોના બજેટ પર પડી શકે છે. ખાસ કરીને પેટ્રોલ અને ડીઝલની સરખામણીમાં ઓછા ખર્ચના વિકલ્પ તરીકે CNG વાહનોનો ઉપયોગ કરતા લોકો માટે હવે દર મહિને ઈંધણ પાછળ વધુ રકમ ખર્ચવી પડશે. ગુજરાત ગેસના સત્તાવાર પોર્ટલ પર ગ્રાહકો CNGના નવા ભાવની માહિતી મેળવી શકે છે.

એક મહિનામાં બીજી વખત ભાવવધારો:CNGના ભાવમાં ટૂંકા ગાળામાં આ બીજો વધારો હોવાનું સામે આવ્યું છે. વારંવારના ભાવવધારાને કારણે CNG વાહનચાલકોમાં ચિંતા વધી શકે છે. પેટ્રોલ-ડીઝલના વધતા ખર્ચથી બચવા માટે અનેક લોકો વર્ષોથી CNG વાહનો તરફ વળ્યા છે. જોકે, હવે CNGના ભાવમાં સતત વધારો થતાં આવા વાહનો ચલાવવાથી થતી બચતનું ગણિત ફરી બદલાઈ રહ્યું છે.

આ ભાવવધારાની સૌથી વધુ અસર ઓટો-રિક્ષા ચાલકો, ટેક્સી ડ્રાઈવરો અને CNG આધારિત નાના કોમર્શિયલ વાહનો પર થવાની શક્યતા છે. આ લોકો દરરોજ મોટી માત્રામાં CNGનો ઉપયોગ કરતા હોવાથી પ્રતિ કિલો ૩.૭૫નો વધારો તેમના દૈનિક તેમજ માસિક ખર્ચમાં નોંધપાત્ર વધારો કરી શકે છે.

CNGના અંતિમ ભાવ પર કુદરતી ગેસની કિંમત ઉપરાંત ગેસના પુરવઠા, પરિવહન, વિતરણ અને અન્ય સંબંધિત ખર્ચ જેવા વિવિધ પરિબળોની અસર રહે છે. કંપનીના ખર્ચમાં ફેરફાર થાય ત્યારે તેની અસર ગ્રાહકોને ચૂકવવા પડતા અંતિમ ભાવ પર પડી શકે છે.CNGના ભાવવધારાની અસર માત્ર વાહનચાલકો પૂરતી મર્યાદિત રહેતી નથી. માલસામાનના પરિવહન માટે CNG આધારિત વાહનોનો ઉપયોગ કરતા વેપારીઓના ખર્ચમાં વધારો થઈ શકે છે. ખાસ કરીને શાકભાજી, દૂધ, ફળો અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓના સ્થાનિક પરિવહન ખર્ચમાં વધારો થાય તો તેની




અસર અંતે ગ્રાહકો સુધી પહોંચી શકે છે.

પહેલેથી જ જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ, ઘરગથ્થુ ખર્ચ અને પરિવહનના વધતા ખર્ચ વચ્ચે CNGના ભાવમાં આ વધારો સામાન્ય અને મધ્યમ વર્ગના માસિક બજેટ પર વધારાનો બોજ મૂકી શકે છે. નિયમિત ઓફિસ, વ્યવસાય અથવા અન્ય કામ માટે વાહનનો ઉપયોગ કરતા લોકો હવે ઈંધણના ખર્ચનું વધુ સાવચેતીપૂર્વક આયોજન કરવા મજબૂર બનશે.

આ રીતે CNGના નવા ભાવ ૮૮.૭૬ પ્રતિ કિલો થતાં ગુજરાતના વાહનચાલકો માટે ઈંધણ ખર્ચમાં વધુ એક વધારો થયો છે. આગામી દિવસોમાં CNGના ભાવમાં સ્થિરતા આવે છે કે ફરી વધારો થાય છે, તેના પર વાહનચાલકો અને પરિવહન ક્ષેત્રની નજર રહેશે.

---

### ઓમ પર્વત પરથી 'ઓમ' ઝાંખું

# બરફ પીગળતાં પવિત્ર પ્રતીક અસ્પષ્ટ, હિમાલયના બદલાતા હવામાન અંગે ચિંતા

## તાજેતરમાં બરફનું આવરણ ઘટતાં પર્વત પર દેખાતું પવિત્ર 'ઓમ' પ્રતીક ઝાંખું પડી ગયું છે

ઉત્તરાખંડ, તા.૧૮

ઉત્તરાખંડના પિથોરાગઢ જિલ્લામાં આશરે ૬,૦૦૦ મીટરની ઊંચાઈએ આવેલો પ્રસિદ્ધ ઓમ પર્વત ફરી ચર્ચામાં આવ્યો છે. પર્વત પર કુદરતી રીતે બરફના થર જામવાથી 'ઓમ' આકારનું પ્રતીક રચાય છે, જેના કારણે આ સ્થળ ધાર્મિક તેમજ પર્યટન દૃષ્ટિએ વિશેષ મહત્વ ધરાવે છે. જોકે, તાજેતરમાં બરફનું આવરણ ઘટતાં પર્વત પર દેખાતું પવિત્ર 'ઓમ' પ્રતીક ઝાંખું પડી ગયું છે.

ઓમ પર્વત પર બરફનું આવરણ ઘટવાથી પ્રતીક અસ્પષ્ટ થવાની ઘટના અગાઉ પણ જોવા મળી હતી.

વર્ષ ૨૦૨૪માં પણ થોડા સમય માટે 'ઓમ' આકાર સ્પષ્ટ દેખાયો નહોતો. ત્યારબાદ બરફવર્ષા થતાં પ્રતીક ફરીથી સ્પષ્ટ બન્યું હતું.

આ ઘટનાને કારણે સ્થાનિક લોકો અને પર્યટકોમાં ચિંતા જોવા મળી રહી છે. ઓમ પર્વત સાથે ધાર્મિક આસ્થા જોડાયેલી હોવાથી અહીં બરફના બદલાતા સ્વરૂપને લોકો ખાસ મહત્વ આપી રહ્યા છે.

પર્યાવરણ નિષ્ણાતોનું કહેવું છે કે હિમાલયના ઊંચાઈવાળા



વિસ્તારોમાં હવામાનની પેટર્નમાં થઈ રહેલા ફેરફારો પર ગંભીરતાથી નજર રાખવાની જરૂર છે. શિયાળામાં હિમવર્ષાના પ્રમાણમાં ફેરફાર, વરસાદની બદલાતી પેટર્ન અને વધતું વૈશ્વિક તાપમાન ઊંચાઈવાળા વિસ્તારોમાં બરફના આવરણને અસર કરી શકે છે.

જોકે, માત્ર ઓમ પ્રતીક ઝાંખું થવાની એક ઘટનાને સીધી રીતે ગ્લોબલ વોર્મિંગનું પરિણામ ગણવું વૈજ્ઞાનિક રીતે યોગ્ય નથી.

સ્થાનિક તાપમાન, હિમવર્ષા, પવન અને અન્ય કુદરતી પરિબળો પણ બરફના આવરણમાં ફેરફાર કરી શકે છે.

હિમાલય માત્ર ધાર્મિક અને પર્યટન દૃષ્ટિએ જ મહત્વપૂર્ણ નથી, પરંતુ તે અનેક નદીઓ અને પાણીના સ્ત્રોતો માટે પણ મહત્વનો આધાર છે. ઊંચાઈવાળા વિસ્તારોમાં બરફ અને હિમનદીઓમાં લાંબા ગાળાના ફેરફારો પાણીની ઉપલબ્ધતા પર અસર કરી શકે છે.

ઓમ પર્વત પર બરફનું આવરણ ઘટવાની ઘટના તેથી માત્ર ધાર્મિક પ્રતીક સાથે જોડાયેલી બાબત તરીકે નહીં, પરંતુ હિમાલયના પર્યાવરણમાં થઈ રહેલા પરિવર્તનોને સમજવા માટેના એક સંકેત તરીકે પણ જોવામાં આવી રહી છે. નિષ્ણાતો દ્વારા હિમાલયના સંવેદનશીલ વિસ્તારોમાં નિયમિત હવામાન અને પર્યાવરણ સંબંધિત અભ્યાસ વધારવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવી રહ્યો છે.

---

### જંતર મંતર પર ફરી એકવાર આંદોલન

# E20ના વિરોધમાં પૂનાવાલાએ ધરણાની કરી જાહેરાત

## પૂનાવાલાએ ૨૨ અને ૨૩ ઓગસ્ટના રોજ દિલ્હીમાં ધરણા વિરોધ અને ભૂખ હડતાળની જાહેરાત કરી છે

નવી દિલ્હી, તા.૧૮

દિલ્હી જંતર મંતર ખાતે પહેલા નીટ પેપર લીક અને હવે E20પેટ્રોલના વિરોધમાં આંદોલન થવાની જાહેરાત કરી છે. E20નો વિરોધ કરી રહેલા તહસીન પૂનાવાલાએ દિલ્હીના જંતર-મંતર પર બે દિવસના વિરોધ અને ભૂખ હડતાળની જાહેરાત કરી છે.

તેઓએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર આ માહિતી શેર કરતા તેમણે જણાવ્યું હતું કે 'ટીમ ભારત' ૨૨ અને ૨૩ ઓગસ્ટના રોજ જંતર-મંતર પર 'જનતા દરબારનું આયોજન કરશે. આ વિરોધમાં મોટી સંખ્યામાં લોકોને ભાગ લેવા અપીલ કરવામાં આવી છે.

તહસીન પૂનાવાલાના જણાવ્યા અનુસાર, ૨૨ ઓગસ્ટના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યે જંતર-મંતર પર ધરણા વિરોધ પ્રદર્શન શરૂ થશે અને ત્યારબાદ ચાલુ રહેશે. ત્યારબાદ, ૨૩ ઓગસ્ટના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યે વિરોધ પ્રદર્શન અને ભૂખ હડતાળ પણ યોજાશે. તેમનો દાવો છે કે દરરોજ ૫,૦૦૦ થી વધુ લોકો વિરોધ પ્રદર્શનમાં જોડાઈ શકે છે, જેમાં વિરોધીઓની કુલ સંખ્યા ૧૦,૦૦૦ સુધી પહોંચી શકે છે.

આ વિરોધ પ્રદર્શન દ્વારા સરકાર સમક્ષ E20 સંબંધિત અનેક માંગણીઓ મૂકવામાં આવી છે.

પૂનાવાલાની પહેલી માંગ એ છે કે E10 પેટ્રોલ એવા જૂના વાહનો માટે ઉપલબ્ધ કરાવવું જોઈએ જે E10 ઈંધણનું પાલન કરે છે.તેમનો દલીલ છે કે જૂના વાહનો જે E20 ઈંધણ માટે ડિઝાઈન કરવામાં આવ્યા નથી તેના માલિકો પાસે E10 પેટ્રોલનો ઉપયોગ કરવાનો વિકલ્પ હોવો જોઈએ, કારણ કે E20 ઈંધણ આ વાહનો પર પ્રતિકૂળ અસર કરી રહ્યું છે. તે માત્ર માઈલેજમાં ઘટાડો જ નહીં પરંતુ વાહનના ઘટકોને પણ નુકસાન પહોંચાડી રહ્યું છે.

બીજી માંગ E20 પેટ્રોલની કિંમત ઘટાડવાની છે. વધુમાં, E20 સંબંધિત તમામ દસ્તાવેજો જાહેર કરવાની માંગ છે. પૂનાવાલાએ ભારપૂર્વક જણાવ્યું છે કે E20 સંબંધિત આવશ્યક દસ્તાવેજો અને માહિતી સામાન્ય લોકો સમક્ષ જાહેર કરવી જોઈએ જેથી આ ઈંધણ નીતિ અંગે સંપૂર્ણ ચિત્ર સ્પષ્ટ થાય.

E20 વિરોધી વિરોધ પ્રદર્શનની મુખ્ય માંગણીઓમાંની એક કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીને તેમના પદ પરથી હટાવવાની છે. પૂનાવાલાએ જાહેર કરેલી માંગણીઓમાં સ્પષ્ટપણે જણાવાયું છે કે નીતિન ગડકરીએ તેમના પદ પરથી રાજીનામું આપવું જોઈએ.તેહસીન પૂનાવાલાએ "નો ચોઈસ, નો વોટ" નારા પણ લગાવ્યા હતા. આ પોસ્ટ સ્પષ્ટ કરે છે કે જો લોકોને ઈથેનોલ-મિશ્રિત પેટ્રોલનો વિકલ્પ આપવામાં નહીં આવે, તો તેઓ તેને ચૂંટણીના મુદ્દામાં ફેરવી દેશે.

આ સંદર્ભમાં, ૨૨ અને ૨૩ ઓગસ્ટના રોજ જંતર-મંતર પર આયોજિત વિરોધ પ્રદર્શન ફરી એકવાર E20 ઈંધણની આસપાસ ચાલી રહેલી ચર્ચાને રાજકીય અને જાહેર ચર્ચામાં મોખરે લાવી શકે છે. તાજેતરમાં, દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટી (AAP) ના સંયોજક અરવિંદ કેજરીવાલે પણ E20 પેટ્રોલના વિરોધમાં વડા પ્રધાનના નિવાસસ્થાન તરફ કૂચનું નેતૃત્વ કર્યું હતું, જોકે માર્ચને ફિરોઝ શાહ રોડ પર અધવચ્ચે જ અટકાવવામાં આવી હતી.

---

# ઝામ્બોઆંગાની હાઈસ્કૂલમાં વિદ્યાર્થીએ કર્યુ ફાયરિંગ

ફિલિપાઈન્સ, તા.૧૮

મંગળવારે દક્ષિણ ફિલિપાઈન્સના ઝામ્બોઆંગા શહેરની એક હાઈ સ્કૂલમાં ગોળીબારની ભયાનક ઘટના સામે આવી છે.

એટેનિયો ડી ઝામ્બોઆંગા યુનિવર્સિટી કેમ્પસમાં આવેલા હાઈસ્કૂલ વિભાગમાં સાતમાં ધોરણના એક વિદ્યાર્થીએ બે બંદૂકો સાથે અચાનક હુમલો કરી દીધો હતો. આ ગોળીબારમાં એક સાથી વિદ્યાર્થીનું મોત નીપજ્યું હતું, જ્યારે હુમલાખોરે પોતે પણ આત્મહત્યા કરી લીધી હતી. આ દુર્ઘટનામાં અન્ય બે લોકો પણ ઘાયલ થયા છે, જેને લઈને સમગ્ર શાળા પરિસરમાં ભારે ગભરાટ ફેલાઈ ગયો હતો.

સ્થાનિક મેયર ખૈમર અદાન ઓલાસોના જણાવ્યા અનુસાર, હુમલાખોર વિદ્યાર્થીએ આ ભયાનક કૃત્યનું લાઈવ સ્ટ્રીમિંગ કરવા માટે બોડી કેમેરા પહેર્યો હોવાની પ્રબળ શંકા છે.

ઘટનાની જાણ થતાં જ પોલીસ અને સુરક્ષા દળો તાત્કાલિક હરકતમાં આવ્યા હતા અને કેમ્પસમાં ફસાયેલા સેંકડો વિદ્યાર્થીઓને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. થોડા કલાકોની જહેમત બાદ પોલીસે પરિસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણમાં લઈ લીધી હોવાની જાહેરાત કરી હતી.

રાષ્ટ્રીય પોલીસ વડાએ વિદ્યાર્થીઓ અને વાલીઓને શાંતિ જાળવવા અપીલ કરી છે તેમજ અફવાઓથી દૂર રહેવા જણાવ્યું છે. સત્તાવાળાઓ હાલમાં આ મામલે ઊંડાણપૂર્વક તપાસ કરી રહ્યા છે કે આ પાછળનું ચોક્કસ કારણ શું હતું. ફિલિપાઈન્સમાં લાઈસન્સ વિનાના હથિયારોના કારણે હિંસાની ઘટનાઓ અવારનવાર બનતી હોય છે, પરંતુ શાળાઓની અંદર આ પ્રકારે ગોળીબાર થવાની ઘટનાઓ પ્રમાણમાં ખૂબ જ દુર્લભ છે. આ ઘટનાએ દેશની શૈક્ષણિક સંસ્થાઓમાં સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે, અને સરકારે શાળાઓમાં સુરક્ષા વધારવાની ખાતરી આપી છે.

---

### BJP એ પ્રભારીઓની યાદી જાહેર કરી

# વિનોદ તાવડેને ઉત્તર પ્રદેશના પ્રભારી તરીકે જવાબદારી સોંપાઈ

## બાકીના રાજ્યો માટે સંગઠનાત્મક પ્રભારીઓ અંગેના નિર્ણયો નજીકના ભવિષ્યમાં લેવામાં આવશે

લખનૌ, તા.૧૮

ભારતીય જનતા પાર્ટી (BJP) દ્વારા સંગઠનાત્મક ક્ષેત્રમાં એક મોટો અને મહત્વપૂર્ણ ફેરફાર કરવામાં આવ્યો છે. પાર્ટી દ્વારા જારી કરાયેલા સત્તાવાર નિવેદન અનુસાર, દેશના કેટલાક મહત્વપૂર્ણ રાજ્યો માટે નવા પ્રભારીઓની નિમણૂક કરવામાં આવી છે, જે તાત્કાલિક અસરથી લાગુ થઈ ગઈ છે.

આ ફેરબદલ હેઠળ વરિષ્ઠ નેતા વિનોદ તાવડેને ઉત્તર પ્રદેશના પ્રભારી તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે, જ્યારે જગદીશ ઈશ્વરભાઈ પટેલને તેમના સહ-પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ઉત્તર પ્રદેશ જેવા મોટા અને રાજકીય રીતે અત્યંત સંવેદનશીલ રાજ્યમાં સંગઠનને વધુ મજબૂત કરવા માટે આ નિમણૂકને ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. આ ઉપરાંત, ડૉ. સતીશ પુનિયાને પંજાબના પ્રભારી અને તરુણ ચુઘને ગુજરાત રાજ્યના નવા પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. પંજાબ અને ગુજરાત બંને રાજ્યોમાં ભાજપ આગામી રાજકીય રણનીતિઓ પર વિશેષ ધ્યાન આપી રહી છે.

પાર્ટીએ સ્પષ્ટ કર્યું છે કે હાલ પૂરતા આટલા જ રાજ્યોમાં સંગઠનાત્મક ફેરફાર કરવામાં આવ્યા છે. બાકીના રાજ્યો માટે સંગઠનાત્મક પ્રભારીઓ અંગેના નિર્ણયો નજીકના ભવિષ્યમાં લેવામાં આવશે. ત્યાં સુધી સંબંધિત રાજ્યોમાં અગાઉની હાલની વ્યવસ્થા જ યથાવત રહેશે. રાજકીય વિશ્લેષકો આ ફેરફારને ભાજપના સંગઠનાત્મક સ્તરે એક રણનીતિક અને મહત્વપૂર્ણ પગલારાજકીય વિશ્લેષકો આ ફેરફારને ભાજપના સંગઠનાત્મક સ્તરે એક રણનીતિક અને મહત્વપૂર્ણ પગલા તરીકે જોઈ રહ્યા છે, જેનાથી આગામી ચૂંટણીઓ અને સંગઠનની કામગીરીમાં વધુ વેગ આવશે તેવી અપેક્ષા છે. ભાજપ હંમેશાં પોતાની આંતરિક રચના અને નેતૃત્વમાં સમયાનુસાર ફેરફારો કરીને પક્ષને વધુ સક્રિય રાખવાનો પ્રયાસ કરતી હોય છે, અને આ તાજેતરની નિમણૂકો પણ તેનો જ એક ભાગ છે.

---

### ભારતની ચૂંટણીનું આપ્યું ઉદાહરણ

# ટ્રમ્પે અમેરિકામાં Voter ID ફરજિયાત કરવાની કરી હિમાયત

## ભારતની તાજેતરની સામાન્ય ચૂંટણીમાં ૬૪૬ મિલિયન જેટલા મતદારોએ મતદાન કર્યું હતું : ડોનાલ્ડ ટ્રમ્પ

નવી દિલ્હી, તા.૧૮

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દેશમાં ચૂંટણી પ્રક્રિયા અંગે મોટું નિવેદન આપ્યું છે. ટ્રમ્પે અમેરિકામાં દરેક મતદાર માટે માન્ય ફોટો ઓળખપત્ર (Voter ID) ફરજિયાત બનાવવાની ફરી હિમાયત કરી છે. આ દરમિયાન તેમણે ભારતની ચૂંટણી પ્રક્રિયાનું ઉદાહરણ આપતાં કહ્યું કે ભારતમાં મોટી સંખ્યામાં લોકો મતદાન કરે છે અને મતદાન માટે માન્ય ફોટો ઓળખપત્ર જરૂરી છે. ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'Truth Social' પરની પોસ્ટમાં આ મુદ્દો ઉઠાવ્યો હતો અને 'SAVE America Act' પસાર કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.ટ્રમ્પના જણાવ્યા મુજબ, ભારતની તાજેતરની સામાન્ય ચૂંટણીમાં 646 મિલિયન જેટલા મતદારોએ મતદાન કર્યું હતું અને એક ટકાથી પણ ઓછા લોકોએ પોસ્ટલ બેલેટનો ઉપયોગ કર્યો હતો. તેમણે દાવો કર્યો કે ભારતમાં દરેક મતદાર માટે માન્ય ફોટો ઓળખપત્ર જરૂરી છે. ટ્રમ્પે એવો પણ દાવો કર્યો કે ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે તાજેતરમાં તેમના વહીવટને સવાલ કર્યો હતો કે માન્ય ફોટો ઓળખપત્ર વિના અમેરિકામાં ચૂંટણી કેવી રીતે યોજી શકાય. જોકે, ટ્રમ્પ દ્વારા કરવામાં આવેલા આ દાવાઓના તમામ પાસાઓ અંગે અલગથી સત્તાવાર પુષ્ટિ જરૂરી છે.ટ્રમ્પના સમર્થનમાં સતત દબાણ કરી રહ્યા છે. આ પ્રસ્તાવિત કાયદા હેઠળ મતદાર તરીકે નોંધણી કરાવવા માટે નાગરિકતાનો પુરાવો રજૂ કરવાની અને દેશભરમાં મતદાર ઓળખપત્રની વ્યવસ્થા કરવાની જોગવાઈઓનો સમાવેશ થાય છે. ટ્રમ્પનું કહેવું છે કે આવા પગલાંથી ચૂંટણીમાં છેતરપિંડી રોકવામાં મદદ મળશે. તેઓ અમેરિકાની ચૂંટણી વ્યવસ્થામાં મતદાર ઓળખ અને નાગરિકતાની ચકાસણીને વધુ કડક બનાવવાની માંગ કરી રહ્યા છે.જોકે, SAVE America Act અંગે અમેરિકામાં રાજકીય મતભેદો પણ જોવા મળી રહ્યા છે. ડેમોક્રેટ્સ અને રિપબ્લિકન બંને પક્ષોમાં આ મુદ્દે સંપૂર્ણ એકમત નથી. ટ્રમ્પે કાયદો પસાર કરવા માટે ફરીથી અપીલ કરી છે, પરંતુ સેનેટમાં તેને લઈને હજુ સુધી કોઈ અંતિમ પગલું લેવામાં આવ્યું નથી. ભારતની ચૂંટણી વ્યવસ્થાનો ઉલ્લેખ કરીને ટ્રમ્પે અમેરિકામાં પણ મતદાર ઓળખપત્રને ફરજિયાત બનાવવાની પોતાની માંગને વધુ વેગ આપ્યો છે. હવે આ મુદ્દે અમેરિકન રાજકારણમાં આગળ શું નિર્ણય લેવાય છે તેના પર સૌની નજર રહેશે.

**તંત્રી લેખ**

# સ્પેનના દરિયાકિનારે હજારો પ્રવાસીઓનો ભારે હંગામો

સ્પેનના ઉત્તારી આફ્રિકા સ્થિત વિસ્તાર સ્યુટામાં તાજેતરમાં ઘૂસણખોરી કરનારા સેંકડો પ્રવાસીઓએ રવિવારે શહેરના એક લોકપ્રિય સમુદ્ર કિનારે વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ લોકોનો દાવો છે કે તેમને મોરોક્કો પાછા મોકલવાને બદલે સ્પેન સરકાર દ્વારા શરણ આપવામાં આવે. ઉલ્લેખનીય છે કે બે અઠવાડિયા પહેલા થયેલી મોટા પાયાની ઘૂસણખોરી બાદ હજુ પણ અંદાજે ૫૦૦૦થી ૮૦૦૦ જેટલા પ્રવાસીઓ સ્યુટામાં રોકાયેલા છે. આ ઘટના દરમિયાન માત્ર ૮૦,૦૦૦ની વસ્તી ધરાવતા આ નાનકડા વિસ્તારમાં ૭૨,૦૦૦થી વધુ લોકો પ્રવેશી ગયા હતા, જેમાંથી મોટાભાગના લોકો બાદમાં પોતાની મરજીથી પરત ફરી ગયા હતા.

શહેરના સંસાધનો પર ભારે દબાણ વધવાના કારણે મોટાભાગના પ્રવાસીઓ એલ ત્રામ્પોલિન બીચ અથવા શહેરના બહારના વિસ્તારોમાં અત્યંત ખરાબ પરિસ્થિતિમાં દિવસો વિતાવી રહ્યા છે. તેઓ યુરોપના મુખ્ય ભૂમિભાગ તરફ આગળ વધવાની તકની રાહ જોઈ રહ્યા છે. પ્રદર્શનકારીઓએ સ્પેનના ઝંડા અને બેનરો સાથે સૂત્રોચ્ચાર કર્યા હતા, જેમાં તેમણે મોરોક્કો પરત ન જવાની અને માનવીય ધોરણે ઉકેલ લાવવાની અપીલ કરી હતી. સ્થાનિક પોલીસ તેમને શહેરના મુખ્ય વિસ્તારમાં પ્રવેશતા રોકી રહી છે. બીજી તરફ સ્પેન સરકારે આ મામલે કડક વલણ અપનાવ્યું છે. દેશના ગૃહમંત્રી ફર્નાન્ડો ગ્રાન્ડે-માર્લાસ્કાએ સ્પષ્ટ કર્યું છે કે જે પ્રવાસીઓ ગેરકાયદેસર રીતે પ્રવેશેલા છે, તેમને આ વિસ્તારમાં રહેવા, સ્પેનની મુખ્ય જમીન પર જવા કે કોઈ કાનૂની દરજ્જો મેળવવાની મંજૂરી આપવામાં આવશે નહીં. માત્ર અત્યંત અસુરક્ષિત અને વિશિષ્ટ કિસ્સાઓમાં જ અપવાદરૂપે છૂટછાટ મળી શકે છે. હાલમાં સ્યુટામાં અટવાયેલા પ્રવાસીઓ શરણની માંગ પર અડગ છે, જ્યારે સરકાર પોતાના નિર્ણય પર મક્કમ છે.

**આટલા દેશોમાં કરી જોરદાર કમાણી**

# ઓવરસીઝમાં ઈમરાન હાશ્મીની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની 'આવારાપન ૨'

## ફિલ્મ 'આવારાપન ૨' એ ઓવરસીઝમાં શરૂઆતના સપ્તાહમાં ૧૯.૩૧ કરોડની કમાણી કરી હતી



મુંબઈ, તા.૧૮

ઈમરાન હાશ્મી અને દિશા પટનીની જોડીએ બોક્સઓફિસ પર ધમાલ મચાવી દીધી છે. બંનેની જોડી ફિલ્મ 'આવારાપન ૨' દ્વારા સ્ક્રીન પર છવાઈ છે. ફિલ્મ 'આવારાપન ૨' દર્શકોને ખૂબ પસંદ આવી રહી છે. જેનો સીધો ફાયદો બોક્સઓફિસ પર જોવા મળી રહ્યો છે. આ ફિલ્મે ફર્સ્ટ વીકેન્ડમાં ૭૦ કરોડથી વધુ કલેક્શન કર્યું છે આ સાથે જ ઓવરસીઝ માર્કેટમાં પણ તેનો દબદબો જોવા મળ્યો હતો. ઈમરાન હાશ્મીની ફિલ્મ 'આવારાપન ૨'ને રજાનો ભરપૂર ફાયદો મળ્યો હતો. આ મૂવીએ બોક્સઓફિસ પર બે દિવસમાં જ રેકોર્ડબ્રેક કમાણી કરી લીધી હતી. જો કે શનિવારની તુલનામાં રવિવારે કમાણી ૨૩.૦ ટકા જેટલી ઘટી હતી, પરંતુ છતાં ૩ દિવસોમાં ૧૦૦ કરોડના ક્લબમાં એન્ટ્રી મારી લીધી છે. રવિવારે આ ફિલ્મે ૨૬ કરોડનું કલેક્શન કર્યું હતું. ત્યાર બાદ ઈન્ડિયા નેટ કલેક્શન ૮૧.૭૫ કરોડ રૂપિયા થઈ ગયું હતું. ઓવરસીઝમાં ૧૯.૩૦ કરોડ રૂપિયા અને વર્લ્ડવાઈડ ૧૧૭.૪૦ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું હતું. ફિલ્મ ક્રિટીકએ એક્સ પર પોસ્ટ શેર કરી જાણકારી આપી હતી કે ફિલ્મ ઓવરસીઝ માર્કેટમાં રેકોર્ડ બ્રેક કમાણી કરી રહી છે. ફિલ્મે પોતાના ઓપનિંગ વીકેન્ડમાં ૫૦% બિઝનેસ દુબઈ અને ગલ્ફ દેશોમાં કર્યુ હતું. એક પોસ્ટ અનુસાર ફક્ત ઓપનિંગ વીકેન્ડમાં જ 'આવારાપન ૨' ઈમરાન હાશ્મીની સોલો ઓવરસીઝમાં હાઈએસ્ટ ગ્રોસિંગ ફિલ્મ બની ચુકી છે. ફિલ્મ 'આવારાપન ૨' એ ઓવરસીઝમાં શરૂઆતના સપ્તાહમાં ૧૯.૩૧ કરોડની કમાણી કરી હતી, જેમાં યુએઈ, યુએસએ, કેનેડા, યુકે, ઓસ્ટ્રેલિયાનો સમાવેશ થાય છે. 'આવારાપન ૨' એ બોક્સઓફિસ પર એક પછી એક રેકોર્ડ્સ બનાવ્યા છે. હવે આ ફિલ્મ ૨૦૨૬ ની ત્રીજી હાઈએસ્ટ વીકેન્ડ ઓપનર બની ચુકી છે. જેમાં પ્રથમ અને બીજા સ્થાને 'ધુરંધર ૨', 'બોર્ડર ૨', છે. આ ફિલ્મે અન્ય ફિલ્મોને પછાડી દીધી છે.

**કરોડો રૂપિયા મળશે પણ પાનમસાલાની એડ નહીં કરું**

# શાહરૂખ-અજય દેવગણને FDA નોટિસ વચ્ચે સની દેઓલનો જૂનો વીડિયો વાયરલ

## અક્ષય કુમાર, શાહરુખ ખાન, અજય દેવગણ અને ટાઈગર શ્રોફ જેવા દિગ્ગજ કલાકારો આ બ્રાન્ડ્ઝનો પ્રચાર કરી ચુકયા

મુંબઈ, તા.૧૮

મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન દ્વારા 'વિમલ ઈલાયચી'ની જાહેરાતને લઈને શાહરૂખ ખાન, અજય દેવગણ અને ટાઈગર શ્રોફને કારણ બતાવો નોટિસ જારી કરવામાં આવી છે. બીજી તરફ સની દેઓલે હાલમાં જ કહ્યું હતું કે તેમને કરોડો રૂપિયા મળે છતાં પાન-મસાલા અને ઈલાયચી જેવી બ્રાન્ડની જાહેરાતો કરશે નહીં. જોકે, આ સાથે જ ઈન્ટરનેટ પર લોકોએ સની દેઓલની જૂની જાહેરાત શોધી લીધી હતી, જેમાં તે આ વસ્તુઓને સલંગ્ન જાહેરાતમાં દેખાયો હતો. ઈન્ટરનેટના યુગમાં જૂની વસ્તુઓ પણ છુપાયેલી રહેતી નથી. કંઈક એવું જ સની દેઓલ સાથે ઘટિત થયું હતું.

અક્ષય કુમાર, શાહરુખ ખાન, અજય દેવગણ અને ટાઈગર શ્રોફ જેવા દિગ્ગજ કલાકારો આ બ્રાન્ડ્ઝનો પ્રચાર કરી ચુક્યા છે, જેથી તેમના ઘણીવાર ટીકાઓનો સામનો કરવો પડે છે. એક પોડકાસ્ટમાં સની દેઓલે સ્પષ્ટપણે કહ્યું હતું કે તેઓ કરોડોની ઓફર મળ્યા બાદ પણ ટોબેકોની જાહેરાત નહીં કરે. તેણે કહ્યું કે 'હું પાન-મસાલાની જાહેરાત કરતો નથી અને કરીશ પણ નહીં. હું ગુટકા જેવી વસ્તુઓનો પ્રચાર નહીં કરું. મને ઓફર્સ આવે છે પણ હું કરીશ નહીં. હું એવી કોઈ વસ્તુ કરવા નથી માંગતો જેમાં મને વિશ્વાસ ન હોય, મને નથી લાગતું કે આવી વસ્તુઓનો પ્રચાર કરવો સારી વાત છે. કેટલીક એવી વસ્તુઓ છે જે હું નથી કરતો કારણ કે મારો અંતરાત્મા એમાં માનતો નથી અને મારે જે કરવા જેવી લાગતી હોય તે કરી લઉ છું.

**ગોવિંદાનો ક્લબમાં ડાન્સ કરતો વીડિયો વાયરલ**

# ગોવિંદા પત્ની સાથેના વિવાદ વચ્ચે ચાહકોની નારાજગીનો બન્યો ભોગ

## ગોવિંદાની પરફોર્મન્સ પર ચાહકોને મિશ્ર પ્રતિક્રિયા મળી હતી, જેમાં ઘણા લોકોએ અભિનેતાનો ડાન્સ જોવાનું પસંદ કર્યું હતું

બેંગકોક/પટાયા, તા.૧૮



બોલીવુડના જાણીતા અભિનેતા ગોવિંદા અભિનેત્રી કોમલ રાની સ્વર્ણકાર સાથે સમગ્ર દુનિયા સામે નજર આવ્યા બાદ ચર્ચામાં છે. અભિનેતાની પત્ની સુનિતા આહુજાએ ઘણીવાર તેમની ફિલ્મની નવી અભિનેત્રી સાથે તેમના કથિત અફેરની વાત કરી છે. સુનીતાની સાથે ચાલી રહેલા ઝઘડા વચ્ચે ગોવિંદા હાલમાં જ થાઈલેન્ડના પટાયામાં એક ક્લબમાં પરફોર્મ કરતા જોવા મળ્યા હતા. આ પહેલા તે સ્કૂલના સ્ટેજ પર પણ નાચતા જોવા મળ્યા હતા. સોશિયલ મીડિયા પર પટાયાના એક ક્લબમાં ગોવિંદાના ડાન્સનો વિડિયો વાયરલ થઈ રહ્યો છે. કલબમાં સ્વતંત્રતા દિવસની ઉજવણી દરમિયાન અભિનેતાને બેકગ્રાઉન્ડ ડાન્સર્સ સાથે પોતાના અમુક પ્રખ્યાત ગીતો પર નાચતા જોવા મળ્યો હતો. ગોવિંદાએ ૯૦ ના દસકામાં પોતાની હિટ ફિલ્મોના ગીતો પર ડાન્સ કર્યો, જેમાં 'સોની દે નખરે' જેવા ગીતો સામેલ હતા. કાળા અને સફેદ રંગના સૂટમાં જોવા મળેલા ગોવિંદાએ પોતાના સિગ્નેચર ડાન્સ મૂવ બતાવ્યા હતા.

ગોવિંદાની પરફોર્મન્સ પર ચાહકોને મિશ્ર પ્રતિક્રિયા મળી હતી, જેમાં ઘણા લોકોએ અભિનેતાનો ડાન્સ જોવાનું પસંદ કર્યું હતું. તો અમુક લોકોને લાગ્યું કે એક ક્લબમાં પરફોર્મ કરવું તેમના સુપરસ્ટારવાળા સ્ટારડમના હિસાબે યોગ્ય નહોતું. એક જણે તો કમેન્ટમાં લખ્યું હતું 'આ સુપરસ્ટાર માટે ખરાબ લાગી રહ્યું છે, ક્લબમાં પરફોર્મ કરી રહ્યા છે.' ગોવિંદાનો બચાવ કરતા એક ચાહકે લખ્યું હતું ક, 'પૈસા કમાવવામાં કંઈ ખોટું નથી, કમસે કમ તે પોતાના બળે પરત તો ફરી રહ્યા છે.' એક સોશિયલ મીડિયા યુઝરે આ પરફોર્મન્સની તુલના શાહરુખ ખાન અને અજય દેવગણ જેવા સુપરસ્ટારની પાન મસાલા બ્રાન્ડ્સને પ્રમોટ કરવાથી જોડાયેલા વિવાદથી કરતા લખ્યું કે, 'પાન મસાલાની જાહેરાત કરતા ઉત્તમ છે.' અન્યએ લખ્યું કે, 'સુપર સેલિબ્રિટી ગોવિંદા'.હાલમાં જ એરપોર્ટ પર ગોવિંદા અને કોમલ રાની સ્વર્ણકારને એક સાથે જોયા બાદ સુનિતા આહુજાએ ગોવિંદને કોમલના 'સુગર ડેડી' કહ્યું હતું. સુનીતાએ કહ્યું 'પહેલા ફિલ્મ બનવી જોઈએ. ફિલ્મ બન્યા બાદ પ્રમોશન થાય છે. પ્રમોશન વગર.. હવે હું શું કહું? તે પોતાની દીકરીની ઉંમરની છોકરી સાથે ફરી રહ્યો છે. તેને શરમ આવવી જોઈએ. તેનું કોઈ સ્ટાન્ડર્ડ હોવું જોઈએ. તમારા સુગર ડેડી એટલા અમીર છે. કપડાં તો વ્યવસ્થિત પહેરો. અમને જુઓ અમે કેટલા સ્ટાઈલિશ કપડા પહેરીએ છીએ. તેમનું મગજ ખરાબ થઈ ગયું છે.'

**ભારે ગંદકી અને એક્સપાયર્ડ ખોરાક**

# લાયસન્સ વગર ચાલતું અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ લોયોલાનું કેન્ટીન સીલ

## ૧૨ એક્સપાયરી ખાદ્યચીજો, ફૂડ લાયસન્સનો અભાવ અને ગ્લોવ્ઝ વગર ખોરાક બનાવતા જોઈ કેન્ટીનને સીલ કરાઈ

અમદાવાદ, તા.૧૮

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ના ફૂડ સેફ્ટી વિભાગ દ્વારા મંગળવારે (૧૮ ઓગસ્ટ) વિજય ચાર રસ્તા નજીક આવેલી જાણીતી સેન્ટ ઝેવિયર્સ લોયોલા સ્કૂલના કેન્ટીનમાં આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી.

તપાસ દરમિયાન કેન્ટીનમાં અત્યંત અસ્વચ્છ વાતાવરણ, એક્સપાઈરી ડેટ પૂરી થઈ ગઈ હોય તેવી ૧૨ જેટલી ખાદ્યચીજોનો વપરાશ, કાયદેસરના ફૂડ લાયસન્સનો અભાવ તેમજ ગ્લોવ્ઝ વગર જ અસ્વચ્છ રીતે ખોરાક બનાવવામાં આવતો હોવાનું સામે આવતાં તંત્રએ કેન્ટીનને સીલ મારી દીધું છે. AMCના ફૂડ સેફ્ટી ઓફિસર સહિતની ટીમ દ્વારા સેન્ટ ઝેવિયર્સ લોયોલા સ્કૂલમાં હાથ ધરાયેલા ચેકિંગમાં ચોંકાવનારી બેદરકારી સામે આવી હતી. રસોડામાં વપરાતા વાસણો અને સાધન-સામગ્રી અત્યંત ગંદા હતા. આ ઉપરાંત ખોરાક બનાવતા કારીગરોએ હાથમાં ગ્લોવ્ઝ કે માસ્ક પણ પહેર્યા નહોતા. સૌથી ગંભીર બાબત એ હતી કે, કેન્ટીનમાંથી ૧૨ જેટલી એક્સપાયરી ડેટ જતી રહી હોય તેવી સામગ્રી મળી આવી હતી, જે વિદ્યાર્થીઓના આરોગ્ય માટે ભારે જોખમી સાબિત થઈ શકે તેમ હતી.તપાસ દરમિયાન કેન્ટીન સંચાલક મ્યુનિસિપલ કોર્પોરેશનનું કાયદેસરનું ફૂડ લાયસન્સ કે રજિસ્ટ્રેશન પણ રજૂ કરી શક્યા નહોતા. જેથી 'ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ, ૨૦૦૬'ની જોગવાઈઓ હેઠળ જાહેર આરોગ્યના હિતમાં કેન્ટીનને તાત્કાલિક સીલ કરી દેવામાં આવ્યું છે. તંત્ર દ્વારા સંચાલકને કડક ચેતવણી આપવામાં આવી છે કે લાયસન્સ અને જરૂરી નિયમોનું પાલન કર્યા વિના કેન્ટીન પુનઃ શરૂ કરી શકાશે નહીં. પોદાર ઈન્ટરનેશનલ અને અદાણી વિદ્યા મંદિરમાં પણ ચેકિંગઃતાજેતરમાં જ શહેરની એક શાળાના કેન્ટીનના ખોરાકમાંથી કાચનો ટુકડો મળી આવ્યો હોવાની ઘટના બનતાં મ્યુનિસિપલ કોર્પોરેશનના એડિશનલ મેડિકલ ઓફિસર ઓફ હેલ્થની સૂચનાથી શાળાઓના કેન્ટીનમાં વ્યાપક ચેકિંગ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે.

આ ઝુંબેશના ભાગરૂપે ચાંદખેડા સ્થિત પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલ અને મકરબા સ્થિત અદાણી વિદ્યા મંદિરના કેન્ટીનમાં પણ તપાસ કરીને ખાદ્યપદાર્થોના સેમ્પલ લેવામાં આવ્યા છે, જેને વધુ પરીક્ષણ માટે લેબોરેટરીમાં મોકલાયા છે.

AMC સત્તાવાળાઓએ સ્પષ્ટ કર્યું છે કે, વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતી શાળાઓ અને કેન્ટીન સંચાલકો સામે આ ઝુંબેશ આગામી દિવસોમાં પણ કડક રીતે ચાલુ રાખવામાં આવશે.

# વરાછામાં શીતલ રેસ્ટોરન્ટના ભોજનથી એક જ પરિવારના ૫ સભ્યોને ફૂડ પોઈઝનિંગ

સુરત,તા.૧૮

સુરતના વરાછા વિસ્તારમાં એક જ પરિવારના પાંચ સભ્યોને ફૂડ પોઈઝનિંગની ગંભીર અસર થતાં ચકચાર મચી ગઈ છે. ગત શનિવારે પરિવારજનોએ શીતલ રેસ્ટોરન્ટમાંથી મંગાવેલું ભોજન લીધા બાદ એક પછી એક તમામની તબિયત લથડી હતી. પરિવારના સભ્યોને ગંભીર હાલતમાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, સારવાર દરમિયાન માત્ર પાંચ વર્ષની બાળકીનું મોત થતાં સમગ્ર પરિવાર પર આભ તૂટી પડ્યું છે.

મળતી માહિતી મુજબ, વરાછા વિસ્તારમાં રહેતા એક પરિવારના પાંચ સભ્યોને ગત શનિવારે ભોજન લીધા બાદ અચાનક તબિયત બગડવા લાગી હતી. પરિવારજનોએ શીતલ રેસ્ટોરન્ટમાંથી ભોજન મંગાવ્યું હોવાનું સામે આવ્યું છે. ભોજન લીધા બાદ પરિવારના સભ્યોને ફૂડ પોઈઝનિંગની અસર થતાં તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

પરિવારમાં માતા-પિતા સહિત બે દીકરીઓની તબિયત ગંભીર બની હતી. તમામને તબીબી સારવાર આપવામાં આવી રહી હતી. દરમિયાન પાંચ વર્ષની માસૂમ દીકરીની તબિયત વધુ લથડતાં તબીબોની દેખરેખ હેઠળ સારવાર ચાલુ રાખવામાં આવી હતી. જોકે, સારવાર દરમિયાન બાળકીનું મોત નીપજ્યું હતું. એક જ પરિવારના પાંચ સભ્યોને ભોજન બાદ ફૂડ પોઈઝનિંગની અસર થવાની ઘટના સામે આવતા વિસ્તારમાં પણ ચકચાર મચી ગઈ છે. ખાસ કરીને પરિવારના સભ્યોની તબિયત અચાનક બગડવાનું કારણ શીતલ રેસ્ટોરન્ટમાંથી મંગાવવામાં આવેલા ભોજન સાથે

**બોલિવૂડ સ્ટારે ડ્રિંક પીવડાવી કિસ કર્યાનો આરોપ!**

# 'તારક મહેતા કા ઉલ્ટા...' શૉની અભિનેત્રી સાથે બળજબરી?

## ઈન્ડસ્ટ્રીમાં લોકો તેના ઓન-સ્ક્રીન કામને જોઈને તેને રિયલ લાઈફમાં પણ જજ કરે છે : એક્ટ્રેસ નેહલ વડોલિયા

મુંબઈ, તા.૧૮

એક્ટ્રેસ નેહલ વડોલિયા આજે કોઈ ઓળખની મોહતાજ નથી. ભૂતકાળમાં લોકપ્રિય કોમેડી શો 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' માં બબીતાજીની મિત્ર 'નેહા' નો રોલ કરીને ચર્ચામાં આવેલી આ અભિનેત્રી આજે પોતાની બોલ્ડ અને ગ્લેમરસ ઈમેજ માટે જાણીતી છે. તાજેતરમાં એક પોડકાસ્ટ ઈન્ટરવ્યુમાં નેહલે મનોરંજન ઈન્ડસ્ટ્રીની કાળી સચ્ચાઈ અને એક લોકપ્રિય વ્યક્તિની ગંદી હરકતોનો પર્દાફાશ કરીને સનસનાટી મચાવી દીધી છે.લોકોની ખોટી માનસિકતાઃ નેહલે જણાવ્યું કે ઈન્ડસ્ટ્રીમાં લોકો તેના ઓન-સ્ક્રીન કામને જોઈને તેને રિયલ લાઈફમાં પણ જજ કરે છે. લોકો એવું માની લે છે કે તે જે કંઈ રીલ કે કેમેરા સામે કરે છે, તે વાસ્તવિક જીવનમાં પણ તેવું જ વર્તન કરશે, અને તેને ખોટી નજરે જુએ છે.'ચશ્મા અને મફલરવાળા સર' નું આમંત્રણઃ નેહલે નામ લીધા વિના એક અત્યંત જાણીતી અને પ્રતિષ્ઠિત વ્યક્તિનો ખુલાસો કર્યો. તેણે કહ્યું, ''ઈન્ડસ્ટ્રીમાં એક 'ચશ્મા અને મફલરવાળા સર' છે. હું તેમના મેનેજરની પાર્ટીમાં ગઈ હતી, ત્યારબાદ તેમણે મને પોતાના ઘરે આમંત્રિત કરી હતી.''બાલકનીમાં લઈ જઈને કરી અજીબ વાતોઃ ''જ્યારે હું તેમના ઘરે ગઈ ત્યારે તેમણે મને ડ્રિંક આપ્યું. ત્યારબાદ મુંબઈ બતાવવાના બહાને તેઓ મને બાલકનીમાં લઈ ગયા. ત્યાં તેઓ મારી સ્માઈલ અને મારા કામના વખાણ કરવા લાગ્યા. એક આધેડ ઉંમરના માણસના મોઢે આવી વાતો સાંભળીને હું દંગ રહી ગઈ હતી.''બળજબરીથી કિસ કરવાનો પ્રયાસઃ નેહલે જણાવ્યું કે, ''લોકોની નજરમાં તેમની ખૂબ જ ઈજ્જત છે, તેથી એક પળ માટે તો મને તેમની વાતો પર વિશ્વાસ જ ન આવ્યો. મારો ટાર્ગેટ ત્યાંથી કોઈ પણ રીતે બચવાની નીકળવાનો હતો. હું ત્યાંથી ભાગું તે પહેલાં જ તેમણે મને હોઠ પર કિસ કરવાનો પ્રયાસ કર્યો. મેં તરત જ મારો ગાલ આગળ કરી દીધો, જેથી તેમનું થૂંક મારા ગાલ પર લાગ્યું અને હું માંડ ત્યાંથી બચીને નીકળી શકી.''બોલ્ડ ઈન્ડસ્ટ્રીને કહી દીધું છે અલવિદાઃ આપને જણાવી દઈએ કે, નેહલ હવે બોલ્ડ કન્ટેન્ટ વાળી ઈન્ડસ્ટ્રીને સંપૂર્ણપણે છોડી ચૂકી છે. હાલમાં તે ઈન્સ્ટાગ્રામ અને પોતાની એક પર્સનલ એપ દ્વારા કમાણી કરે છે. આ એપ પર તે પોતાની ગ્લેમરસ તસવીરો શેર કરે છે અને ફેન્સ સાથે વાતચીત કરવા માટે ચાર્જ વસૂલે છે.

**ઈમ્પાના સદસ્યો સાથે મીટિંગ કરશે**

# ડોન થ્રીના વિવાદમાં હવે રણવીરના પિતા પણ મેદાનમાં

મુંબઈ, તા.૧૮

રણવીર સિંહે ફરહાન અખ્તર નિર્દેશિત 'ડોન થ્રી' ફિલ્મ છેલ્લી ઘડીએ છોડી દેતાં ફિલ્મના નિર્માતાએ ૪૫ કરોડ રૂપિયાની નુકશાની રણવીરસિંહ પાસે માંગી હતી.હવે રણવીરસિંહના પિતા જગજિતસિંહ ભવનાની આ નાણાંકીય ગુંચ ઉકેલવા માટે સિને સંગઠન ઈમ્પાના સભ્યોને આ અઠવાડિયે મળવાના છે તેમ ઈમ્પાના પ્રમુખ અભયસિંહાએ જણાવ્યું હતું.'ડોન-થ્રીનો વિવાદ ચગતાં ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઈન્ડિયા સિને એમ્પલોયીઝ-એફડબલ્યુઆઈસીઈ-દ્વારા રણવીર સિંહ પર પ્રતિબંધ મુકવાની જાહેરાત કરવામાં આવી હતી. જો કે, જુન મહિનામાં ફેડરેશને તેનો અસહકારનો આદેશ પાછો ખેંચી લીધો હતો પણ 'ડોન થ્રી'ના નિર્માતાઓ અને એક્ટર વચ્ચે પડેલી ૪૫ કરોડ રૂપિયાની નુકસાનીની ગુંચ હજી ઉકલી નથી.

દરમ્યાન રણવીર સિંહે તેના વકીલો મારફતે એફડબલ્યુઆઈસીઈને આ મામલાથી દૂર રહેવા જણાવતાં કહ્યું હતું કે કે આ બાબત તેના કાર્યક્ષેત્રમાં આવતી નથી.પરંતુ સંગઠનના પ્રમુખે જણાવ્યું હતું કે એકવાર રણવીરના પિતા એસોસિએશનને મળે તે પછી અમે આગામી પગલાં શું ભરવા તે નક્કી કરીશું. બધાંની નજર હવે ૪૫ કરોડ રૂપિયાના મામલે શું થાય છે તેની પર છે.

**ફિલ્મનું ટાઈટલ નક્કી થયું નથી**

# અહાન પાંડેની એક્શન ફિલ્મમાં અભિનેત્રી અન્યા સિંહની એન્ટ્રી

મુંબઈ, તા.૧૮

યશરાજ ફિલ્મ્સની આગામી રોમેન્ટિક એક્શન ડ્રામા ફિલ્મમાં હવે અન્યા સિંહ અહાન પાંડે સાથે જોડાશે. આ ફિલ્મની મોટાભાગની કાસ્ટ નક્કી થઈ ચૂકી છે જેમાં બોબી દેઓલ, જિમી શેરગીલ, ઐશ્વર્ય ઠાકરે અને દિપાનીતા શર્માનો સમાવેશ થાય છે.અલી અબ્બાસ ઝફર આ ફિલ્મનું નિર્દેશન કરી રહ્યા છે. આ ફિલ્મને ૨૬ માર્ચ ૨૦૨૭માં રજૂ કરવાનું આયોજન થઈ રહ્યું છે. અન્યા સિંહને યશરાજ ફિલ્મ્સે' કૈદી બેન્ડ' ફિલ્મ સાથે હિન્દી ફિલ્મ ઉદ્યોગમાં પ્રવેશ કરાવ્યો હતો. છેલ્લે તે આર્યન ખાનની વેબ સિરિઝમાં જોવા મળી હતી. આ ફિલ્મમાં બોબી દેઓલ મહત્વની ભૂમિકામાં છે. ઐશ્વર્ય ઠાકરે બોબી દેઓલના પુત્રની ભૂમિકા ભજવી રહ્યો છે.દિપાનીતા શર્મા બોબી દેઓલની પત્નીઅને ઐશ્વર્ય ઠાકરેની માતાની ભૂમિકા ભજવી રહી છે.

**શિમિત અમીન ૧૭ વર્ષ બાદ નિર્દેશન કરશે**

# કાર્તિકની કેપ્ટન ઈન્ડિયામાં પાર્વતી થિરૂવોથુની એન્ટ્રી

મુંબઈ, તા.૧૮

હરમન બાવેજા લિખિત અને નિર્મિત ફિલ્મ 'કેપ્ટન ઈન્ડિયા'માં 'કરીબ કરીબ સિંગલ'થી જાણીતી સાઉથની હિરોઈન પાર્વતી થિરૂવોથુની એન્ટ્રી થઈ છે. કાર્તિક આર્યનની આ મહત્વની ફિલ્મમાં મનીષ ચૌધરી પણ મહત્વની ભૂમિકા ભજવી રહ્યો હોવાનું જાણવા મળ્યું છે.કાર્તિક આર્યનની એકશન ડ્રામા ફિલ્મનું નિર્દેશન શિમિત અમીન કરી રહ્યા છે. શિમિત અમીન 'અબ તક છપ્પન', 'ચક દે ઈન્ડિયા' જેવી હીટ ફિલ્મોનું નિર્દેશન કરી ચૂક્યા છે. છેલ્લે ૨૦૦૯માં તેમણે નિર્દેશિત કરેલી ફિલ્મ 'રોકેટ સિંહઃ સેલ્સમેન ઓફ ધ યર' માં રણબીર કપૂર હીરો હોવા છતાં બોક્સ ઓફિસ પર સામાન્ય પુરવાર થઈ હતી. એ પછી શિમિત અમીન સત્તર વર્ષ બાદ ફરી એકવાર કેપ્ટન ઈન્ડિયાનું નિર્દેશન કરી રહ્યા છે.પાર્વતી થિરૂમોથુ અગાઉ કડકસિંહ અને પંકજ ત્રિપાઠી સાથે 'તુ યા મૈં' ફિલ્મમાં જોવા મળી હતી.

19-08-2026_NewsEye_206__2

### કેગના રિપોર્ટ બાદ જાગી IRCTC

# ટ્રેનોમાં અનધિકૃત પાણી અને ખાદ્ય સામગ્રી વિરુદ્ધ કાર્યવાહી, ૮,૦૦૦થી વધુ બોટલ જપ્ત

## તપાસ દરમિયાન અનધિકૃત પેકેજ્ડ પીવાના પાણીની ૫,૨૪૧ બોટલો જપ્ત કરવામાં આવી હતી

નવી દિલ્હી, તા.૧૮

કેગના રિપોર્ટમાં રેલવે સ્ટેશનો અને ટ્રેનોમાં પીવાના પાણીની ગુણવત્તા, અનધિકૃત પાણીની બોટલો તથા ખાદ્ય સામગ્રીના વેચાણ અને કેટરિંગ સેવાઓમાં સ્વચ્છતા અંગે ગંભીર ખામીઓ સામે આવી હતી. રિપોર્ટમાં અનધિકૃત બ્રાન્ડનું પેકેજ્ડ પાણી અને મંજૂરી વિના વેચાતી ખાદ્ય સામગ્રી અંગે પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. આ રિપોર્ટ બાદ સફાળી જાગેલી આઈઆરસીટીસીએ હવે ટ્રેનોમાં સઘન ચેકિંગ શરૂ કરીને અનધિકૃત પાણી અને ખાદ્ય સામગ્રી સામે કાર્યવાહી શરૂ કરી છે. ક્વિક રિસ્પોન્સ ટીમો (ક્યુઆરટી) દ્વારા ટ્રેનો અને રેલવે પરિસરમાં તપાસ હાથ ધરાઈ રહી છે અને મોટી સંખ્યામાં અનધિકૃત પાણીની બોટલો તથા અન્ય સામગ્રી જપ્ત કરવામાં આવી રહી છે.ભારતીય રેલવે કેટરિંગ એન્ડ ટૂરિઝમ કોર્પોરેશન એટલે કે આઈઆરસીટીસીએ ટ્રેનો અને રેલવે પરિસરમાં અનધિકૃત રીતે વેચાતા પાણી, ખાદ્ય અને પીણાંની સામગ્રી વિરુદ્ધની કાર્યવાહી વધુ કડક બનાવી છે. આઈઆરસીટીસી દ્વારા હાથ ધરવામાં આવેલા તપાસ અભિયાન દરમિયાન અત્યાર સુધીમાં ૮ હજારથી વધુ અનધિકૃત પેકેજ્ડ પીવાના પાણીની બોટલો જપ્ત કરવામાં આવી છે. આ કાર્યવાહીનો મુખ્ય ઉદ્દેશ્ય અનધિકૃત વેચાણ પર નિયંત્રણ લાવવાનો અને મુસાફરોની સુરક્ષા તથા ખાદ્ય ગુણવત્તા સુનિશ્ચિત કરવાનો છે.આઈઆરસીટીસીએ આ કાર્યવાહી માટે ક્વિક રિસ્પોન્સ ટીમ એટલે કે ક્યુઆરટીની રચના કરી છે. આ ટીમો ભારતીય રેલવેના કોમર્શિયલ વિભાગ સાથે સંકલન કરીને ટ્રેનો અને રેલવે સ્ટેશનો પર અચાનક તપાસ કરી રહી છે. તપાસ



દરમિયાન નિર્ધારિત ધોરણોનું પાલન ન કરતા અનધિકૃત પેકેજ્ડ પીવાનું પાણી, ખાદ્ય પદાર્થો, પીણાં અને અન્ય સામગ્રીની તપાસ કરવામાં આવી રહી છે.લખનઉ વિસ્તારમાં ૨૮ જુલાઈથી ૮ ઓગસ્ટ દરમિયાન આઈઆરસીટીસીના અધિકારીઓએ કુલ ૧૧૭ ટ્રેનોનું નિરીક્ષણ કર્યું હતું. આ તપાસ દરમિયાન અનધિકૃત પેકેજ્ડ પીવાના પાણીની ૫,૨૪૧ બોટલો જપ્ત કરવામાં આવી હતી. ચંદીગઢ વિસ્તારમાં કુલ ૫૧ ટ્રેનોનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ કાર્યવાહી દરમિયાન અનધિકૃત પેકેજ્ડ પીવાના પાણીની ૩,૧૦૮ બોટલો જપ્ત કરવામાં આવી હતી. આ ઉપરાંત અંબાલા ખાતે બે સરપ્રાઈઝ ઈન્સ્પેક્શન કરવામાં આવ્યા હતા. આ તપાસ દરમિયાન આઈસક્રીમ અને ફ્લેવર્ડ મિલ્ક સહિતની અનધિકૃત સામગ્રીના ૧૩ કાર્ટન જપ્ત કરવામાં આવ્યા હતા.

### યોગી સરકારે બનાવેલી SITના રિપોર્ટમાં દાવો!

# રામ મંદિર દાન ચોરી કેસમાં ચંપત રાયને કિલનચીટ

## ટ્રસ્ટના સભ્ય કૃષ્ણમોહનની લેખિત ફરિયાદ પર ૮ નામજોગ અને અન્ય અજ્ઞાત લોકો સામે FIR નોંધવામાં આવી હતી

મુંબઈ, તા.૧૮

ઉત્તર પ્રદેશના ગૃહ વિભાગે અયોધ્યા સ્થિત રામ મંદિરના ચઢાવાની ચોરીના મામલે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT)નો અંતિમ રિપોર્ટ શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટને આગળની કાર્યવાહી માટે સોંપી દીધી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ રિપોર્ટમાં ટ્રસ્ટના પૂર્વ મહાસચિવ ચંપત રાય અને પૂર્વ સભ્ય અનિલ મિશ્રાને કલીન ચિટ આપવામાં આવી છે. નોંધનીય છે કે જ્યારે આ દાન ચોરીનો મામલો પ્રકાશમાં આવ્યો ત્યારે આ બંનેની ભૂમિકા પર સતત સવાલો ઊઠી રહ્યા હતા. જેના કારણે વિવાદ વધતા તેમણે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું હતું.SIT દ્વારા રજૂ કરવામાં આવેલી આ અંતિમ રિપોર્ટમાં કુલ 8 લોકોના નામ સામેલ છે, જેમની પોલીસ દ્વારા અગાઉ જ ધરપકડ કરવામાં આવી ચૂકી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સુપ્રીમ કોર્ટે આ મામલે હસ્તક્ષેપ કર્યો તે પહેલાં જ, ઉત્તર પ્રદેશ સરકારે ટ્રસ્ટની વિનંતી પર 13 જૂનના રોજ આ ત્રણ સભ્યોની SIT ની રચના કરી હતી. જોકે, આ કેસની ગંભીરતાને જોતા હાલમાં સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ રચાયેલી બીજી SIT આ સમગ્ર મામલાની ઝીણવટભરી તપાસ કરી રહી છે.યોગી સરકાર દ્વારા રચાયેલી આ SIT નું નેતૃત્વ લખનઉના કમિશનર વિજય વિશ્વાસ પંતે કર્યું હતું. તેમની સાથે આઈજી (રેન્જ) કિરણ એસ. અને વિશેષ સચિવ (નાણાં) નીલ રતન કુમાર સભ્ય તરીકે સામેલ હતા. SIT દ્વારા 23 જૂને રાજ્ય સરકારને પોતાનો પ્રાથમિક રિપોર્ટ સોંપવામાં આવ્યો હતો. આ રિપોર્ટમાં કરવામાં આવેલી ભલામણોના આધારે 25 જૂનના રોજ ટ્રસ્ટના સભ્ય કૃષ્ણમોહનની લેખિત ફરિયાદ પર 8 નામજોગ અને અન્ય અજ્ઞાત લોકો સામે FIR નોંધવામાં આવી હતી.શ્રી રામ જન્મભૂમિ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી FIR માં અવિનાશ શુકલા, અનુકલ્પ મિશ્રા, લવકુશ મિશ્રા, મનીષ કુમાર યાદવ, કરુણેશ પાંડે, રમાશંકર મિશ્રા, સુભાષ શ્રીવાસ્તવ અને રામ શંકર યાદવ ઉર્ફે ટીનુના નામ આરોપી તરીકે દર્શાવવામાં આવ્યા છે. આ તમામ આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) ની સંબંધિત કલમો અને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની કલમ 13(1)(A) હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. અધિકારીઓના જણાવ્યા અનુસાર, SIT ના પ્રાથમિક રિપોર્ટના આધારે જ આરોપીઓની ધરપકડ અને આગળની કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી હતી.

### વર્તમાન કાર્યકાળમાં સૌથી ઓછી

# ટ્રમ્પને મોટો ઝટકો, એપ્રુવલ રેટિંગ ગગડીને ૩૩%ના તળિયે

નવી દિલ્હી, તા.૧૮

રોયટર્સના તાજેતરના પોલ મુજબ, અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની લોકપ્રિયતામાં ભારે ઘટાડો નોંધાયો છે. આ સરવે મુજબ ટ્રમ્પની એપ્રુવલ રેટિંગ ઘટીને ૩૩% પર આવી ગઈ છે, જે તેમના હાલના કાર્યકાળનું સૌથી નીચલું સ્તર છે. ચાર દિવસ સુધી ચાલેલા આ સરવેમાં સામેલ લોકોમાંથી માત્ર ૩૩% લોકોએ વાઈટ હાઉસમાં ટ્રમ્પની કામગીરીને યોગ્ય ગણાવી છે, જ્યારે ૬૭% લોકોએ તેને અયોગ્ય ગણાવી છે. આ મહિનાની શરૂઆતમાં થયેલા પોલમાં તેમની રેટિંગ ૩૫% હતી, જેમાં હવે ૨%નો ઘટાડો થયો છે.અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની લોકપ્રિયતા ઘટવાનું સૌથી મોટું કારણ ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલો તણાવ છે. જ્યારે ટ્રમ્પે ઈઝરાયલ સાથે મળીને ઈરાન પર હુમલાનો આદેશ આપ્યો, ત્યારે તેમની લોકપ્રિયતાને ભારે ઝટકો લાગ્યો હતો. અમેરિકા અને ઈરાન વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલા આ વિવાદમાં હજુ સુધી કોઈ સમજૂતી થઈ શકી નથી. મોટાભાગના અમેરિકનોને એ વાતની ચિંતા સતાવી રહી છે કે આ યુદ્ધ લાંબા સમય સુધી ખેંચાઈ શકે છે, જેના કારણે ટ્રમ્પ પ્રત્યેનો લોકોનો અસંતોષ સતત વધી રહ્યો છે.બંને દેશો વચ્ચે વધી રહેલા તણાવને કારણે વિશ્વના લગભગ પાંચમા ભાગનો ઓઈલ વેપાર પ્રભાવિત થયો છે. આના પરિણામે દુનિયાભરમાં પેટ્રોલની કિંમતો વધી છે અને અમેરિકન પરિવારો પર પણ તેની સીધી આર્થિક અસર પડી છે. જોકે હાલમાં તણાવ થોડો ઓછો થયો છે, પરંતુ સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાંથી ઓઈલની અવરજવર હજુ પણ ખોરવાયેલી છે.ટ્રમ્પે ચૂંટણી સમયે મોંઘવારી ઘટાડવા અને લાંબા યુદ્ધોથી દૂર રહેવાનું વચન આપ્યું હતું. તણાવની શરૂઆતમાં તેમણે દાવો કર્યો હતો કે થોડા અઠવાડિયામાં જ ઈરાન સાથેનો સંઘર્ષ પૂરો થઈ જશે. પરંતુ સમય જતાં આ સ્થિતિ વધુ વણસતી ગઈ. ચૂંટણી વચનો અને વર્તમાન પરિસ્થિતિ વચ્ચેના આ તફાવતને કારણે જ અમેરિકન પ્રમુખ ટ્રમ્પની લોકપ્રિયતામાં આટલો મોટો ઘટાડો જોવા મળ્યો છે.

### વિદેશથી ડિપોર્ટ થતાં જ સુરક્ષા એજન્સીઓએ લીધો કબજો

# દાઉદ ઈબ્રાહિમના નજીકના સાથી અપ્સર મર્ચન્ટની દિલ્હી એરપોર્ટથી ધરપકડ!

નવી દિલ્હી, તા.૧૮

દાઉદ ઈબ્રાહિમના કથિત નજીકના સાથી અને લાંબા સમયથી ફરાર અપ્સર કાસિમ અલી મર્ચન્ટને વિદેશથી ભારત ડિપોર્ટ કરવામાં આવ્યા બાદ દિલ્હી એરપોર્ટ પરથી ઝડપી લેવામાં આવ્યો છે. દિલ્હી સ્થિત ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર પહોંચતા જ કેન્દ્રીય તપાસ એજન્સીઓ અને મહારાષ્ટ્ર પોલીસે સંયુક્ત કાર્યવાહી કરીને તેની અટકાયત કરી હતી. મર્ચન્ટ સામે મહારાષ્ટ્રમાં સંગઠિત ગુનાખોરી સહિતના ગંભીર કેસ નોંધાયેલા છે અને તાજેતરમાં જ ઈન્ટરપોલે તેની સામે રેડ કોર્નર નોટિસ પણ જારી કરી હતી.અપ્સર મર્ચન્ટ છેલ્લા ત્રણ વર્ષથી ફરાર હોવાનું જણાવાયું છે. તેની વિરુદ્ધ મહારાષ્ટ્ર પોલીસની મીરા-ભાયંદર, વસઈ-વિરાર પોલીસ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી હતી. આ મહિનાની શરૂઆતમાં ઈન્ટરપોલ દ્વારા તેની સામે રેડ કોર્નર નોટિસ જારી કરવામાં આવી હતી. માહિતી અનુસાર, 17 ડિસેમ્બર 2025ના રોજ મહારાષ્ટ્ર પોલીસે રેડ કોર્નર નોટિસ માટે દરખાસ્ત મોકલી હતી, જેને 1 ઓગસ્ટ 2026ના રોજ ઈન્ટરપોલ દ્વારા મંજૂરી આપવામાં આવી હતી. ત્યારબાદ વિદેશમાંથી તેને ભારત પરત લાવવાની પ્રક્રિયા આગળ વધારવામાં આવી હતી.પોલીસના જણાવ્યા અનુસાર, 60 વર્ષીય અપ્સર મર્ચન્ટ સામે કાશીમીરા પોલીસ સ્ટેશનમાં હત્યાના પ્રયાસ, ખંડણી અને ગુનાહિત કાવતરું સહિતની વિવિધ કલમો હેઠળ કેસ નોંધાયેલા છે. તેની સામે આર્મ્સ એક્ટની કલમો હેઠળ પણ કાર્યવાહી કરવામાં આવી છે. આ ઉપરાંત, સંગઠિત ગુનાખોરી સામેના MCOCA કાયદા હેઠળ પણ આરોપ મૂકવામાં આવ્યો છે. સુરક્ષા એજન્સીઓનું કહેવું છે કે આ કેસોમાં તેની કથિત ભૂમિકા અને અન્ય ગુનાહિત જોડાણોની તપાસ ચાલી રહી છે.તપાસ એજન્સીઓના જણાવ્યા અનુસાર, મર્ચન્ટ પર વિદેશમાં રહીને દાઉદ ઈબ્રાહિમના નેટવર્કને કથિત રીતે મદદ કરવાનો આરોપ છે. તેની સામે ગેરકાયદેસર હથિયારોની દાણચોરી, ડ્રગ્સના વેપાર તેમજ સંગઠિત ગુનાખોરીના નેટવર્કને નાણાકીય અને લોજિસ્ટિકલ સહાય પૂરી પાડવાના આરોપોની પણ તપાસ કરવામાં આવી રહી છે. દિલ્હી એરપોર્ટ પરથી અટકાયત બાદ કેન્દ્રીય એજન્સીઓ અને મહારાષ્ટ્ર પોલીસ તેની પૂછપરછ કરી રહી છે. કાશીમીરા પોલીસ સ્ટેશનની ટીમ તેને ટ્રાન્ઝિટ રિમાન્ડ પર મુંબઈ લઈ જવાની તૈયારીમાં છે, જ્યાં તેને કોર્ટમાં રજૂ કરી વધુ કસ્ટડીની માગ કરવામાં આવી શકે છે. મર્ચન્ટ સામેના આરોપો અંગે અંતિમ નિર્ણય કોર્ટમાં રજૂ થનારા પુરાવા અને કાનૂની પ્રક્રિયા બાદ થશે.

### યમનમાં આકરી કાર્યવાહી: સંખ્યાબંધ હુથીઓના મોતની સંભાવના

# હોર્મુઝ ખાડી મુદ્દે ઈરાન સાથે ડીલ કરશો તો ઓમાન પર બોમ્બ ફેંકીશું : ટ્રમ્પ

## હોર્મુઝની ખાડીમાંથી પસાર થતાં જહાજોનું સંચાલન કરવું તે અંગે ઓમાન સાથે સમજૂતીની નજીક છીએ : ઈરાન

નવી દિલ્હી, તા.૧૮

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ધમકી આપી છે કે જો હોર્મુઝની ખાડીમાં ઈરાનના જહાજોને અટકાવવામાં ઓમાન વચ્ચે પડયું તો અમેરિકા તેના પર પણ બોમ્બમારો કરતાં નહીં ખચકાય. ટ્રમ્પે ધ ફોક્સ ન્યૂઝ ચેનલને આપેલા ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે જો ઈરાન સામેની કાર્યવાહીમાં ઓમાન અમારા રસ્તામાં આવ્યું તો અમે તેના પર પણ બોમ્બમારો કરીશું.આમ ટ્રમ્પની ધમકીએ ફરીથી પાછું મધ્યપૂર્વને હચમચાવી નાખ્યું છે. તેમણે આ વાત ઈરાન અને ઓમાન વચ્ચે હોર્મુઝની ખાડીના સંયુક્ત સંચાલનને લઈને મંત્રણા ચાલી રહી છે તેના સંદર્ભમાં જણાવી હતી. ટ્રમ્પે સ્પષ્ટ જણાવ્યું હતું કે ઈરાને શરણાગતિનો શ્વેત ધ્વજ ફરકાવી દેવો જોઈએ. ટ્રમ્પે જણાવ્યું હતું કે ઈરાન સાથે શાંતિને લઈને મને કોઈ ઉતાવળ નથી. મધ્યવર્તી ચૂંટણીના ઈરાન યુદ્ધને લઈને મારી વિચારસરણી સાથે કોઈ લેવાદેવા નથી. અમેરિકા-ઈરાન યુદ્ધને છ મહિના જેટલો સમય થવા આવ્યો છે, પરંતુ હજી સુધી તેને લઈને તેનો કોઈ ઉકેલ નથી.ઉલ્લેખનીય છે કે ઈરાને જણાવ્યું હતું કે હોર્મુઝની ખાડીમાંથી પસાર થતાં જહાજોનું સંચાલન કરવું તે અંગે ઓમાન સાથે સમજૂતીની નજીક છીએ.

બંને દેશ આ ડીલની અંતિમ શરતો પર કામ કરી રહ્યા છે. હવે અમેરિકાને કોરાણે રાખીને આ પ્રકારનો કરાર થતો હોવાથી ટ્રમ્પ બરોબરના ભુરાંટા થયા છે. ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બાઘાઈએ પત્રકારોને જણાવ્યું હતું કે ટ્રાન્ઝિટ રુટના મેપને લઈને ઓમાન સાથે એક પ્રકારની સંમતિ સધાઈ છે. જો કે તેમણે તેની વિગતો આપી ન હતી.ટ્રમ્પે સાઉદી અરેબિયા-તુર્કી અને પાકિસ્તાન વચ્ચેના સંરક્ષણ કરારને અત્યંત મહત્ત્વના, જબરદસ્ત અને વ્યૂહાત્મક ગણાવ્યા હતા. ટ્રમ્પે આ કરારને આ ત્રણેય દેશોના સ્વબચાવનો વધુ એક મહત્ત્વનો અર્થપૂર્ણ માર્ગ ગણાવ્યો હતો. ટ્રમ્પે ટ્રુથ સોશ્યલ પર જણાવ્યું હતું કે આ ત્રણેય દેશોને સંરક્ષણ કરાર કરતાં જોઈને મને આનંદની લાગણી થઈ છે. આ બતાવે છે કે મધ્યપૂર્વ કઈ રીતે જોડે આવી રહ્યું છે. આ માટે ત્રણેય દેશોની નેતાગીરી અભિનંદનને પાત્ર છે.આ ઉપરાંત ટ્રમ્પે સાઉથ કોરીયા સાથેની સંયુક્ત લશ્કરી કવાયતનું કદ ઘટાડવા આહવાન કર્યુ હતુ. સાઉથ કોરીયાએ ઈરાનને ડીન્યુક્લિયરાઈઝ કરવાના ટ્રમ્પના પ્રયત્નમાં જોડાવવાનો ઈન્કાર કર્યા બાદ ટ્રમ્પે જણાવ્યું હતું. તેણે ઉમેર્યુ હતું કેવ ાસ્તવમાં આ પ્રકારની કવાયતોને કોઈ અર્થ નથી. તેને બંધ કરવી જોઈએ. હવે હાલમાં આ કવાયત બંધ કરવામાં ઘણું મોડું થઈ ગયું છે, તેથી તે રદ ન થઈ શકે તો તેના કદમાં ઘટાડો કરવો જોઈએ. ટ્રમ્પે જણાવ્યું હતું કે મેં તાજેતરમાં જ સાઉથ કોરીયાના પ્રમુખને ઈરાનને ડીન્યુક્લિરાઈઝ કરવાના પ્રયત્નમાં જોડાવવા આમંત્રણ આપ્યું હતું, પરંતુ તેમણે ઈન્કાર કર્યો હતો.

### જે.પી. મોર્ગનની ડરામણી ભવિષ્યવાણી

# ૨૦૨૭માં ભારત, બ્રાઝીલ સહિત અનેક દેશોમાં ખાદ્યાન્ન સંકટ સર્જાશે!

## ભારતમાં નબળા કે અનિયમિત ચોમાસાની સીધી અસર ડાંગર, કઠોળ, તેલીબિયાં, કપાસ અને શેરડી જેવા વરસાદ પર આધારિત પાકો પર પડી શકે છે

નવી દિલ્હી, તા.૧૮

દુનિયા પર એક મોટું અને ભયંકર સંકટ તોળાઈ રહ્યું છે. પ્રખ્યાત ગ્લોબલ ફાઈનાન્સિયલ સંસ્થા જેપી મોર્ગન દ્વારા એક મોટી અને ગંભીર ચેતવણી આપવામાં આવી છે, જે મુજબ આવતા વર્ષે એટલે કે ૨૦૨૭માં દુનિયાએ એક મોટા અને વિનાશક ખાદ્ય સંકટનો સામનો કરવો પડી શકે છે. રિપોર્ટમાં આ સંકટ પાછળ કેટલાક મોટા કારણો દર્શાવવામાં આવ્યા છે અને એલર્ટ કરવામાં આવ્યું છે કે ભારત, બ્રાઝિલ અને ઈન્ડોનેશિયા જેવા દેશો પર આ સંકટની સૌથી ઘાતક અને ગંભીર અસરો જોવા મળશે.જેપી મોર્ગને આગામી સમયમાં વૈશ્વિક અન્ન સંકટ (અંગે ગંભીર ચેતવણી આપી છે. રિપોર્ટ અનુસાર, જિયો-પોલિટિકલ તણાવ, ખાતરની અછત અને આબોહવા પરિવર્તનના કારણે ૨૦૨૭ માં વિશ્વએ અન્ન પુરવઠાના એક નવા અને મોટા સંકટનો સામનો કરવો પડી શકે છે. આ સંકટની સૌથી વધુ અને ગંભીર અસર ભારત, બ્રાઝિલ અને ઈન્ડોનેશિયા પર થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. કૃષિ ખર્ચમાં સતત થઈ રહેલો વધારો



અને પાક ઉત્પાદનમાં ઘટાડો આ વૈશ્વિક સંકટને વધુ ઘેરું બનાવશે.આ ગ્લોબલ ફૂડ ક્રાઈસિસના કારણે દુનિયાભરમાં મોંઘવારીનો આંકડો ભયજનક સપાટીએ પહોંચી શકે છે. જેપી મોર્ગનના અંદાજ મુજબ, ૨૦૨૭ના પ્રથમ છ મહિનામાં વૈશ્વિક મોંઘવારી વધીને લગભગ ૫% સુધી પહોંચી શકે છે, જે વર્ષ ૨૦૨૬ ના સમાન સમયગાળામાં માત્ર ૨.૮% હતી. અહેવાલ મુજબ, આ ચેતવણી માત્ર અચાનક અનાજ ખૂટી પડવા વિશે નથી, પરંતુ ખેડૂતોને ઉત્પાદન ખર્ચમાં થતો વધારો અને હવામાનમાં આવતા બદલાવના કારણે પાક નિષ્ફળ જવાનો ડર સતાવી રહ્યો છે. જો આ ચેતવણી સાચી પડશે તો વિકાસશીલ દેશોમાં પરિવારોને તેમની આવકનો મોટો હિસ્સો માત્ર ભોજન પાછળ જ ખર્ચ કરવો પડશે.આ સંકટ પાછળ ખાતરની અછત એક અત્યંત મહત્ત્વનું કારણ છે. મિડલ ઈસ્ટ વૈશ્વિક યુરિયા નિકાસમાં ૪૨% અને એમોનિયા નિકાસમાં ૨૭% હિસ્સો ધરાવે છે. હોર્મુઝ સ્ટ્રેટ આસપાસના તણાવ અને નેચરલ ગેસના વધતા ભાવે સપ્લાય ચેનને ખરાબ રીતે ખોરવી નાખી છે. નિષ્ણાતોએ આ ખતરાને એક ચાર્ટ દ્વારા દર્શાવ્યો છે: યુદ્ધ થી ઉર્જા સંકટ, ત્યારબાદ ખાતરની અછત, કૃષિ ખર્ચમાં વધારો, ઓછું ઉત્પાદન અને અંતે ખાદ્ય પદાર્થોના ભાવમાં વધારો. આ ખોરવાયેલી સિસ્ટમ અને ઉત્પાદનને ફરીથી પૂર્વવત કરવામાં ૧ થી ૪ વર્ષનો લાંબો સમય લાગી શકે છે.ખાતરની અછત ઉપરાંત આબોહવા પરિવર્તન એટલે કે અલ નીનો પણ આ ખતરા માટે મોટો વિલન સાબિત થશે. અલ નીનોના કારણે દુષ્કાળ, પૂર અને અન્ય પ્રતિકૂળ મૌસમી ઘટનાઓનું જોખમ વધી શકે છે. ઐતિહાસિક રીતે જોઈએ તો, અલ નીનોના કારણે ઉષ્ણકટિબંધીય વિસ્તારોમાં પાક ઉત્પાદનમાં સરેરાશ ૩.૫% નો ઘટાડો નોંધાયો છે. સુપર અલ નીનો વૈશ્વિક ખાદ્ય મોંઘવારીમાં લગભગ ૦.૭% નો વધારો કરી શકે છે અને ઉર્જાના ભાવ વધારા સાથે મળીને આ અસર ૧.૩% થી ૧.૫% સુધી પહોંચી શકે છે.ભારતમાં નબળા કે અનિયમિત ચોમાસાની સીધી અસર ડાંગર, કઠોળ, તેલીબિયાં, કપાસ અને શેરડી જેવા વરસાદ પર આધારિત પાકો પર પડી શકે છે. જેપી મોર્ગન અનુસાર, ભારત સામે માત્ર અનાજના પૂરતા જથ્થાનો જ પ્રશ્ન નથી, પરંતુ ખાતર અને ઉર્જા બજારની ભારે અસ્થિરતા વચ્ચે ખેડૂતો માટે પોસાય તેવા ખર્ચે ઉત્પાદન જાળવી રાખવું એ એક મોટો પડકાર બની રહેશે. ખેતરોમાં ઓછું ઉત્પાદન થવાથી સ્થાનિક પુરવઠો ઘટશે અને અંતે છૂટક મોંઘવારીમાં ભારે વધારો નોંધાશે.

### ગ્વાલિયરમાં ગમખ્વાર અકસ્માત: મજૂરો ભરેલું વાહન ટ્રક સાથે અથડાયું

ગ્વાલિયર, તા.૧૮

મધ્યપ્રદેશના ગ્વાલિયરમાં મોડી રાત્રે એક ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો છે. રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૭૯ પર મજૂરોને લઈ જતું વાહન સામેથી આવી રહેલા ટ્રક સાથે અથડાયા બાદ પલટી ગયું હતું. અકસ્માત એટલો ગંભીર હતો કે તેમાં અનેક લોકો વાહનમાં ફસાઈ ગયા હતા. પોલીસ, રાહદારીઓ અને અન્ય વાહનચાલકોએ મળીને બચાવ કામગીરી હાથ ધરી હતી. મળતી માહિતી મુજબ અકસ્માતમાં અત્યાર સુધીમાં ૮ લોકોનાં મોત થયા છે. જ્યારે ૨૫થી વધુ મજૂરો ઘાયલ થયા છે. ઘાયલોને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.પોલીસના જણાવ્યા અનુસાર આ અકસ્માત ચિંકા નજીક મધરાતના સમયે થયો હતો. આ મજૂરો ઉત્તર પ્રદેશના રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે અને તેઓ ડાબરાના ચાનોર વિસ્તારમાં ડાંગરના વાવેતરના કામ માટે આવ્યા હતા. કામ પૂરું કરીને તેઓ પોતાના ગામ તરફ પરત ફરી રહ્યા હતા.

# તીસ્તાના પાણીની વહેંચણીનો દાયકાઓ જૂનો મુદ્દો ફરી ગરમાયો

ઢાકા, તા.૧૮

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે તીસ્તા નદીના પાણીની વહેંચણીનો દાયકાઓ જૂનો વિવાદ ફરી ચર્ચામાં આવ્યો છે. બાંગ્લાદેશના જળ સંસાધન મંત્રી શહીદુદ્દીન ચૌધરીએ જણાવ્યું છે કે ઢાકા ભારત સાથેના સંબંધો બગાડવા ઈચ્છતું નથી, પરંતુ ભારતે પણ મિત્ર દેશ તરીકે બાંગ્લાદેશની જરૂરિયાતો અને હિતોને ધ્યાનમાં લેવા જોઈએ.

ઢાકામાં આયોજિત એક સેમિનારમાં મંત્રીએ કહ્યું કે ભારતની પોતાની પાણીની જરૂરિયાતો છે અને બાંગ્લાદેશની પણ પોતાની જરૂરિયાતો છે. તેથી બંને દેશોએ પરસ્પરના હિતોને સમજવા જોઈએ. તીસ્તા નદી ભારતના સિક્કિમ અને પશ્ચિમ બંગાળમાંથી પસાર થઈ બાંગ્લાદેશમાં પ્રવેશે છે. બાંગ્લાદેશના ઉત્તર ભાગમાં ખેતી અને લોકોની આજીવિકા માટે આ નદીનું પાણી અત્યંત મહત્વપૂર્ણ છે. બીજી તરફ, પશ્ચિમ બંગાળમાં પણ સિંચાઈ સહિતની જરૂરિયાતો માટે તીસ્તાનું પાણી મહત્વ ધરાવે છે.

તીસ્તા વિવાદ વચ્ચે બાંગ્લાદેશ ચીનના સહયોગથી તીસ્તા રિવર કોમ્પ્રિહેન્સિવ મેનેજમેન્ટ એન્ડ રિસ્ટોરેશન પ્રોજેક્ટ આગળ વધારી રહ્યું છે. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ પૂર, નદીના ધોવાણ અને સૂકી ઋતુમાં પાણીની અછત જેવી સમસ્યાઓનો સામનો કરવાનો છે. બાંગ્લાદેશના જણાવ્યા અનુસાર, ઉત્તારીય વિસ્તારના પાંચથી છ જિલ્લાના લોકો વર્ષોથી આ સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે.

ભારત-બાંગ્લાદેશ વચ્ચે તીસ્તાના પાણીની વહેંચણી અંગે લાંબા સમયથી કોઈ અંતિમ કરાર થઈ શક્યો નથી. ૧૯૮૩માં વચગાળાની વ્યવસ્થા હેઠળ ભારત માટે ૩૯ ટકા અને બાંગ્લાદેશ માટે ૩૬ ટકા પાણીની ફાળવણીનો પ્રસ્તાવ આવ્યો હતો.

ત્યારબાદ ૨૦૧૧માં નવા વચગાળાના કરારનો મુસદ્દો તૈયાર થયો, પરંતુ પશ્ચિમ બંગાળના વાંધાઓને કારણે તે આગળ વધી શક્યો નહોતો.

ભારતનું વલણ રહ્યું છે કે તીસ્તા અંગેના કોઈપણ ઉકેલમાં પશ્ચિમ બંગાળ સહિત સંબંધિત પક્ષો સાથે ચર્ચા જરૂરી છે. બીજી તરફ, બાંગ્લાદેશ તીસ્તાના પાણીની ન્યાયી વહેંચણીની માંગ સતત ઉઠાવતું રહ્યું છે.આ ઉપરાંત પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાના પ્રત્યાર્પણ સહિતના મુદ્દાઓને કારણે બંને દેશોના સંબંધોમાં તણાવની સ્થિતિ પણ જોવા મળી રહી છે. આવા સમયે તીસ્તા મુદ્દે બાંગ્લાદેશની નવી ટિપ્પણીઓથી ભારત-બાંગ્લાદેશ સંબંધોમાં પાણીનો પ્રશ્ન ફરી એકવાર મહત્વના મુદ્દા તરીકે સામે આવ્યો છે.

19-08-2026_NewsEye_206__3

# અંકલેશ્વર માં આવેલ ઉકાઈ જમણા કાંઠાની નહેરની બાજુમાં ચાલતા અડ્ડા ઉપર કોની રહેમ નજર છે?? સામાન્ય માણસને ખબર છે તો વિભાગને અને જાણ હશે ખરી.??






અંકલેશ્વર માં દારૂબંધી ફક્ત કાગળ ઉપર જ છે એવું લાગી રહ્યું છે. રાજપીપળા ચોકડી પાસે આવેલ સતલાજ હોટલની સામે ના ભાગ થી લઈ ને નહેરની બાજુ મીઠા ફેક્ટરી ગડખોલ જવાના રસ્તા ની આજુબાજુમાં દેશી અને વિલાયતી શરાબનો ધૂમ વેચાણ થઈ રહ્યું છે.

અંકલેશ્વરમાં આવેલી ઉકાઈ જમણા કાંઠાની નહેરની બાજુમાં રાજપીપલા ચોકડી પાસે થી લઈ ગુજરાત ગેસ કંપની બાજુમાં દેશી દારૂનો અડ્ડો, મીઠા ફેક્ટરી ની સામે દેશી દારૂનું ધૂમ વેચાણ.

અને તેનાથી આગળ જતા સોસાયટીઓ પૂરી થતાં ખેતરની અંદર ગલ્લો નાખી વિદેશી દારૂનું વેચાણ ખુલ્લેઆમ થઈ રહ્યું છે જોકે ન્યુઝ આઈએ આ અગાઉ પણ આ અડ્ડા વિશે લખ્યું હતું.

પરંતુ ત્યારબાદ આ અડ્ડાઓ ફરી પાછા જેમ છે તેમ ધમધમી રહ્યા છે. જોકે દારૂ પીનાર ની સંખ્યા અંકલેશ્વરમાં વધતી જતી હોય તો જ આટલા બધા અડ્ડાઓ ચાલી રહ્યા છે.

કોના ઈશારે અને કોની રહેમ નજર હેઠળ ચાલી રહ્યા છે?? તે તો તંત્ર જ જાણે . પરંતુ આવા આવા અડ્ડાઓ ચલાવનાર ઉપર ન્યુઝ આઈ હંમેશા જાગૃત કરી અને એ બતાવતું રહેશે.

# ચાલુ બસમાં રૂ.૧૦.૭૦ લાખના ૧૪ મોબાઈલની ચોરી થઈ

અમદાવાદ,તા.૧૮

અમદાવાદમાં ચાલુ લક્ઝરી બસમાં મુસાફરી દરમિયાન લાખો રૂપિયાની કિંમતના કિંમતી મોબાઈલ ચોરાવાની સનસનાટીભરી ઘટના સામે આવી છે. પુણાથી અમદાવાદ તરફ આવી રહેલી એક લક્ઝરી બસમાં પાર્સલ તરીકે મોકલવામાં આવેલા કિંમતી મોબાઈલો પર ચોરે હાથ સાફ કર્યો હતો. પ્રાથમિક વિગતો મુજબ બસમાં રખાયેલા પાર્સલમાંથી કુલ ૧૪ જેટલા મોંઘાદાટ મોબાઈલ ફોનની ચોરી થઈ છે, જેની કુલ કિંમત આશરે ૧૦.૭૦ લાખ રૂપિયા જેટલી અંકાય છે.

આ ચોરીના કૌભાંડમાં ગજેન્દ્ર રાજપૂત નામના જ એક મુસાફરે પાર્સલમાંથી મોબાઈલ ચોર્યા હોવાની આશંકા સેવાઈ રહી છે. લક્ઝરી બસમાં મુસાફરી કરી રહેલા આ શખ્સે નજર ચૂકવીને પાર્સલમાં રહેલા કિંમતી ફોનની ચોરી કરી હતી. બસ અમદાવાદ પહોંચ્યા બાદ પાર્સલ તપાસતાં તેમાંથી મોબાઈલ ગાયબ જણાતાં સમગ્ર મામલો સામે આવ્યો હતો અને તાત્કાલિક પોલીસને જાણ કરવામાં આવી હતી.

ઘટના અંગે જાણ થતાં જ રામોલ પોલીસ મથકનો કાફલો હરકતમાં આવ્યો છે અને ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. પોલીસે માર્ગ પરના તથા બસ સ્ટેન્ડ આસપાસના સીસીટીવી ફુટેજ મેળવી આરોપી ગજેન્દ્ર રાજપૂતને ઝડપી પાડવા ચક્રગતિમાન કર્યા છે. લાખોની કિંમતના મોબાઈલની ચોરીના આ બનાવથી લક્ઝરી બસના સંચાલકો અને મુસાફરોમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

# નર્મદા જિલ્લામાં વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન

રાજપીપળા,

આકાંક્ષી નર્મદા જિલ્લામાં વિદ્યાર્થીઓને ગુણવત્તાયુકત શિક્ષણની સાથે તેમની રૂચિ, ક્ષમતા અને અભ્યાસના ક્ષેત્રને અનુરૂપ કારકિર્દીની યોગ્ય દિશા મળી રહે તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિવિધ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. જિલ્લા કલેક્ટરશ્રી ગંગા સિંઘના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્યને કેન્દ્રમાં રાખીને કારકિર્દી વિષયક માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લાના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ, વિવિધ અભ્યાસક્રમો, સ્પર્ધાત્મક પરીક્ષાઓ, રોજગારની તકો તેમજ કારકિર્દીના વિવિધ ક્ષેત્રો અંગે યોગ્ય અને ઉપયોગી માર્ગદર્શન મળી રહે તે હેતુસર જિલ્લા વહીવટી તંત્ર, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી તથા જિલ્લા રોજગાર વિનિમય કચેરી-નર્મદાના સંયુક્ત ઉપક્રમે આ સેમિનાર યોજાશે.

આ અંતર્ગત તા. ૨૦/૦૮/૨૦૨૬, ગુરૂવારના રોજ સવારે ૧૧:૦૦ થી બપોરે ૦૧:૦૦ કલાક દરમિયાન સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ, નિવાલ્દા, તા. ડેડીયાપાડા ખાતે તેમજ બપોરે ૦૨:૦૦ થી ૦૪:૦૦ કલાક દરમિયાન શ્રી નવરચના ઉચ્ચત્તર માધ્યમિક શાળા, સાગબારા ખાતે કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે.

સેમિનારમાં વિદ્યાર્થીઓને તેમની શૈક્ષણિક ક્ષમતા અને રસના વિષયોને અનુરૂપ કારકિર્દીના વિકલ્પો અંગે માર્ગદર્શન આપવામાં આવશે. સાથે જ ઉચ્ચ શિક્ષણ બાદ ઉપલબ્ધ રોજગારની તકો, વિવિધ ક્ષેત્રોમાં પ્રવેશ માટે જરૂરી લાયકાતો તથા સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી અંગે પણ નિષ્ણાતો દ્વારા ઉપયોગી માહિતી આપવામાં આવશે.

આકાંક્ષી નર્મદા જિલ્લાના સર્વાંગી વિકાસમાં શિક્ષણને મહત્વ આપી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિદ્યાર્થીઓને માત્ર શૈક્ષણિક જ્ઞાન પૂરતું નહીં, પરંતુ ભવિષ્યની યોગ્ય દિશા અને કારકિર્દી પસંદગી માટે પણ સક્ષમ બનાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. વિદ્યાર્થીઓને સમયસર યોગ્ય માર્ગદર્શન મળે અને તેઓ પોતાની ક્ષમતા અનુસાર ઉજ્જવળ કારકિર્દીનું નિર્માણ કરી શકે તે આ સેમિનારનો મુખ્ય ઉદ્દેશ છે. જિલ્લાના વિદ્યાર્થીઓ વધુને વધુ આ કારકિર્દી માર્ગદર્શન સેમિનારનો લાભ લઈ પોતાની પ્રતિભા, ક્ષમતા અને સપનાઓને યોગ્ય દિશા આપી ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરે તેવી અપીલ કરવામાં આવે છે.

# રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાન અંતર્ગત નવનિયુક્ત પંચાયત સભ્યો માટે ક્ષમતા નિર્માણ તાલીમ કાર્યક્રમ યોજાયો




ભરૂચ,

ભરૂચ જિલ્લા પંચાયત, ભરૂચ દ્વારા રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાન અંતર્ગત ભરૂચ જિલ્લાના અને જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત કક્ષાના ચૂંટાયેલ પ્રતિનિધિઓ માટે ક્ષમતા નિર્માણ તાલીમ કાર્યક્રમનું આયોજન હોલ, અંકલેશ્વર ખાતે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષપદે માન. જિલ્લા પંચાયત પ્રમુખશ્રી શ્રીમતિ ડિમ્પલબેન રાજ ભરૂચના અધ્યક્ષસ્થાને યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે, જિલ્લા પંચાયત પ્રમુખશ્રીએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, ગુજરાતના મુખ્યમંત્રી શ્રી માન. ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે પણ પંચાયતી રાજ સંસ્થાઓને વધુ મજબૂત બનાવવા માટે, ગ્રામીણ વિકાસને વેગ આપવા અને લોકો સુધી પારદર્શક તથા અસરકારક વહીવટ પહોંચાડવા માટે અનેક લોકકલ્યાણકારી યોજનાઓ સફળતાપૂર્વક અમલમાં મૂકી છે. લોકશાહીના પાયાના સ્તંભ તરીકે ચૂંટાઈને આવ્યા છો. તો લોકોનો વિશ્વાસ અને તેમની અપેક્ષાઓ તથા તેમના વિકાસના કામોને ખભા પર રાખીને માત્ર ચૂંટાઈ આવવું પૂરતું નથી પરંતુ એક જવાબદાર જનપ્રતિનિધિ તરીકે કાયદા, નિયમો અને યોજનાઓની વહીવટી પ્રક્રિયાઓની યોગ્ય સમજ હોવી એટલી જ જરૂરી છે. સર્વેને જણાવીશ કે, અહીંથી પ્રાપ્ત થતા જ્ઞાનનો ઉપયોગ આપના ગામ, તાલુકા અને જિલ્લાના વિકાસ માટે થાય એ જરૂરી છે. આ તાલીલથી આ ક્ષેત્રે આપનું જ્ઞાન જેટલું પણ વધશે, એટલું લોકો સુધી પહોંચશે અને "સમૃદ્ધ ગામ, સમૃદ્ધ ગુજરાત અને વિકસિત ભારત" નું સ્વપ્ન પણ સાકાર થશે.

પંચાયતી રાજ વ્યવસ્થા ગ્રામીણ વિકાસનો મૂળ આધાર છે. ચૂંટાયેલ પ્રતિનિધિઓને તાલીમ આપીને તેમની ક્ષમતા વધારવી એ સરકારની અગ્રતા છે. રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાન હેઠળ આપવામાં આવતી આ તાલીમ ગ્રામ પંચાયતોને વધુ મજબૂત, પારદર્શક અને જવાબદાર બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવશે. અંતમાં તેમણે સૌને અપીલ કરતા રહ્યું કે, આપણી જવાબદારી અને નિષ્ઠાપૂર્વક કામગીરી કરીને, ગામના છેવાડાના નાગરિકો સુધી યોજનાઓનો પૂરતો લાભ પહોંચે અને તેમને યોગ્ય ન્યાય મળી રહે તે માટે આપ સૌ નમ્રતાપૂર્વક પ્રયત્ન કરવા ભાર પૂર્વક જણાવ્યું હતું.

અંતે તેમણે ઉમેર્યું કે, ભરૂચ જિલ્લાના વિકાસ માટે તમામ પ્રતિનિધિઓએ એકસાથે કામ કરવું પડશે અને લોકોની સમસ્યાઓનું નિરાકરણ કરવામાં હકારાત્મક અને સક્રિય ભાગ લેવો પડશે.

તાલીમ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ નવનિયુક્ત પંચાયત પદાધિકારીશ્રીઓ અને સભ્યશ્રીઓને પંચાયતી રાજ વ્યવસ્થાની કાર્યપદ્ધતિ, જવાબદારીઓ તથા સરકારી યોજનાઓના અસરકારક અમલીકરણ અંગે જરૂરી માર્ગદર્શન અને જ્ઞાન પૂરું પાડવાનો હતો.

આ ઉપરાંત સોલિડ વેસ્ટ મેનેજમેન્ટના નિયમો તથા તેના અંતર્ગત કરવાની કામગીરી, ગ્રામ પંચાયત વિકાસ યોજના (ર્ફ્રૈ), ૧૫મા નાણાપંચ અંતર્ગત આયોજન અને અમલીકરણ તથા ઈ-સ્વરાજ પોર્ટલનું અમલીકરણ જેવા મહત્વપૂર્ણ વિષયો પર તાલીમ આપવામાં આવી હતી.

આ તકે, ભરૂચના ધારાસભ્યશ્રી રમેશ મિસ્ત્રી, જંબુસરના ધારાસભ્ય શ્રી ડી.કે. સ્વામી એ પણ પ્રસંગને અનુરૂપ ઉદ્બોધન આપ્યું હતું.

રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ તાલીમમાં રાજ્ય કક્ષાએ પધારેલા ટ્રેનરશ્રી હિંમતભાઈ પરમાર રચિત પુસ્તકનું મહાનુભાવોના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં જિલ્લા અને તાલુકા પંચાયતના ચૂંટાયેલ પ્રતિનિધિઓ, અધિકારીઓ તેમજ પંચાયતી રાજ સંસ્થાઓના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ તાલીમ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત ઉપપ્રમુખ અજીતભાઈ, જિલ્લા અને તાલુકા પંચાયતના ચૂંટાયેલ પ્રતિનિધિઓ, પંચાયતી રાજ સંસ્થાઓના કાર્યકરો, જિલ્લા આંકડા અધિકારી શ્રી મેહુલ પટેલ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી,જિલ્લા વહીવટી તંત્રના વરિષ્ઠ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## શુદ્ધ તેલના નામે ભેળસેળનો ખેલ

# ગોંડલના ભોજપરામાં ખાદ્ય તેલમાં ભેળસેળ કરતી ફેક્ટરી ઝડપાઈ

## અત્યાર સુધીમાં કેટલો ભેળસેળયુક્ત તેલનો જથ્થો બજારમાં સપ્લાય થઈ ચૂક્યો છે






રાજકોટ,તા.૧૮

ગોંડલ તાલુકાના ભોજપરા ગામની સીમમાં આવેલી એક ફેક્ટરીમાં ચાલતા ખાદ્ય તેલમાં ભેળસેળના મોટા કૌભાંડનો પર્દાફાશ થયો છે. રાજકોટ ગ્રામ્ય પોલીસે 'મુરલીધર પ્રોટીન્સ' નામના શેડમાં દરોડો પાડીને શુદ્ધ તેલના નામે લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતી પ્રવૃત્તિ ઝડપી પાડી છે. આ કાર્યવાહી બાદ સમગ્ર પંથકમાં ભારે ચર્ચા જાગી છે.

મળતી માહિતી અનુસાર, ભોજપરા ગામની સીમમાં આવેલ કારખાનામાં શુદ્ધ ખાદ્ય તેલ તરીકે ભેળસેળયુક્ત તેલ તૈયાર કરીને વેચવામાં આવતું હોવાની ચોક્કસ આશંકા અને બાતમીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન ફેક્ટરીમાંથી મોટી માત્રામાં શંકાસ્પદ તેલનો જથ્થો મળી આવતાં પોલીસે તેને જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

દરોડા દરમિયાન પોલીસે સ્થળ પરથી ૨૬૯૫ કિલોગ્રામ જેટલો શંકાસ્પદ ખાદ્ય તેલનો જથ્થો જપ્ત કર્યો હતો, જેમાં સન ગોલ્ડ સનફ્લાવર તેલ, કીંગ સનફ્લાવર તેલ, મહારાણી કપાસીયા તેલ અને સોયાબીન તેલનો સમાવેશ થાય છે. આ મામલે પોલીસે વેપાર કરતા આરોપી જયદેવ ડાંગર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

હાલ પોલીસ દ્વારા આ મામલે સઘન તપાસ ચલાવવામાં આવી રહી છે. આ કારખાનામાં કેટલા સમયથી આ કાળો કારોબાર ચાલતો હતો, અત્યાર સુધીમાં કેટલો ભેળસેળયુક્ત તેલનો જથ્થો બજારમાં સપ્લાય થઈ ચૂક્યો છે અને આ કૌભાંડમાં અન્ય કોઈ વ્યક્તિઓની સંડોવણી છે કે કેમ તે તમામ દિશાઓમાં પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

## ૭ લાખથી વધુ પરિવાર લાચાર

# સમૃદ્ધ ગુજરાતમાં ગરીબી છુપાવવા 'રમત', ૩૩૦૦૦ અંત્યોદય કાર્ડ રદ

ગાંધીનગર, તા.૧૮

ગુજરાત સરકાર દ્વારા સમૃદ્ધ અને વિકસિત રાજ્યના મોટા-મોટા દાવાઓ કરવામાં આવી રહ્યા છે, પરંતુ જમીનની હકીકત કંઈક અલગ જ ચિત્ર બતાવે છે. સરકારી ચોપડે ગરીબી ઓછી દર્શાવવા અને પોતાની સિદ્ધિઓનો ભ્રામક દેખાડો કરવા માટે ગરીબોના હક પર તરાપ મારવામાં આવી રહી છે. રાજ્યના અન્ન પુરવઠા વિભાગે છેલ્લા પાંચ વર્ષમાં કુલ મળીને ૩૩ હજાર અંત્યોદય રેશનકાર્ડ રદ કરી દીધા છે. કડવી વાસ્તવિકતા એ છે કે આજે પણ રાજ્યના ૭ લાખથી વધુ પરિવારો બે ટંકનું ભોજન મેળવવા માટે ભારે સંઘર્ષ કરી રહ્યા છે અને મફત અનાજ લેવા માટે લાઈનોમાં ઊભા રહેવા મજબૂર બન્યા છે.રાજ્યમાં ગરીબી નિર્મૂલન કરવાના બદલે ગરીબોની સંખ્યા કાગળ પર ઘટાડવાની સરકારી રમત રમાઈ રહી હોય તેમ અંત્યોદય કાર્ડની સંખ્યામાં યેનકેન પ્રકારે ઘટાડો કરાઈ રહ્યો છે. વર્ષ ૨૦૨૦માં ગુજરાતમાં ૮.૧૦ લાખ અંત્યોદય કાર્ડ ધારકો હતા, જે વર્ષ ૨૦૨૫માં ઘટીને માત્ર ૭.૭૭ લાખ થઈ ગયા છે. આમ, સીધી રીતે ૩૩,૦૦૦ ગરીબ પરિવારોને મળતું મફત અનાજ બંધ કરી દેવામાં આવ્યું છે. સરકાર કાર્ડ રદ કરીને પોતાની સિદ્ધિનો ઢોલ પીટી રહી છે, પરંતુ તેનાથી ગરીબોની સ્થિતિ વધુ દયનીય બની છે.અંત્યોદય કાર્ડ સમાજના એવા અત્યંત વંચિત અને ગરીબ વર્ગને આપવામાં આવે છે જેમના માટે દૈનિક જીવન જીવવું પણ એક મોટો સંઘર્ષ છે. આ કાર્ડ મેળવનારાઓમાં ઝૂંપડપટ્ટીમાં દયનીય સ્થિતિમાં રહેતા પરિવારો, ગ્રામીણ વિસ્તારના નાના કારીગરો, રોજમદારો, જમીન વિહોણા ભૂમિહીન ખેતમજૂરો, નિરાધારો, વિધવાઓ અને ત્યક્તા મહિલાઓનો સમાવેશ થાય છે. આવા નબળા વર્ગ પાસેથી જ આજીવિકાનું સાધન સમાન રેશનકાર્ડ છીનવી લેવામાં આવી રહ્યા છે.કેન્દ્ર સરકારના એક રિપોર્ટ અનુસાર, અત્યાર સુધીમાં ગુજરાતમાં ૩૧.૮૯ લાખ પરિવારોએ અંત્યોદય કાર્ડના આધારે દર મહિને ૪૫ કિલો મફત અનાજ મેળવ્યું હતું. આ ઉપરાંત સામે આવેલી વિગતો મુજબ, ગુજરાતમાં ૩.૫૨ લાખ એવા ગરીબ પરિવારો છે જેમાં સભ્યોની સંખ્યા ૫ કે તેથી વધુ છે. મોટા પરિવારો અને આર્થિક તંગી વચ્ચે ૭ લાખથી વધુ પરિવારોને આજે પણ બે ટંક ખાવાના ફાંફા પડી રહ્યા છે.અગાઉ ૩૭.૬૧ લાખ ગરીબ પરિવારોને મફત અનાજ વહેંચીને સરકારે વાહવાહી અને પ્રશંસા મેળવી હતી, પરંતુ હવે એ જ કાર્ડ રદ કરવા માટે અન્ન પુરવઠા વિભાગ સક્રિય બન્યો છે. સરકાર ભલે કાગળ પર ગુજરાતને સમૃદ્ધ બતાવીને પોતાની પીઠ થાબડતી હોય, પરંતુ ગરીબોના મોંમાંથી કોળિયો છીનવીને 'ગુજરાતમાં ગરીબી નથી અને તે વિકસિત રાજ્ય છે' તેવું ભ્રામક ચિત્ર ઊભું કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

## પોલીસ કમિશનરનું નવું જાહેરનામું

# ૧૮ ઓગસ્ટથી ૧ સપ્ટેમ્બર સુધી હથિયારો, મશાલ અને સરઘસ પર સખત મનાઈ

## શહેરના પસંદગીના ૩૫ પોલીસ સ્ટેશન વિસ્તારોમાં હથિયારબંધીનું જાહેરનામું અમલમાં મૂક્યું છે

અમદાવાદ,તા.૧૮

અમદાવાદ શહેર પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત દ્વારા ૧૭ ઓગસ્ટે હથિયારબંધી અંગેનું મહત્વપૂર્ણ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ જાહેરનામું ૧૮ ઓગસ્ટથી ૧ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધી અમદાવાદના માત્ર ૩૫ પોલીસ સ્ટેશન વિસ્તારમાં જ લાગુ રહેશે.

આ આદેશ હેઠળ તલવાર, ભાલા, ખંજર અને અઢી ઈંચથી લાંબી અણીદાર છરી કે ચપ્પુ સાથે રાખવા પર સખત પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ ઉપરાંત જાહેર જગ્યાએ હથિયારો સાથે ફરવા, ફાયરિંગ કરવા, ધાર્મિક સરઘસમાં શસ્ત્રો લઈ જવા, પથ્થરો એકઠા કરવા, સળગતી મશાલ સાથે સરઘસ કાઢવા તેમજ ઉશ્કેરણીજનક ભાષણો અને વિરોધ પ્રદર્શનો પર પણ મનાઈ ફરમાવવામાં આવી છે.

આ જાહેરનામામાંથી અમદાવાદના કેટલાક મહત્વના અને ફૈઁ વિસ્તારોને બાદ રાખવામાં આવતાં ભારે ચર્ચા જાગી છે. વસ્ત્રાપુર, બોડકદેવ, આનંદનગર, પાલડી, વાસણા, સેટેલાઈટ, નવરંગપુરા, એલિસબ્રિજ, એરપોર્ટ, ખોખરા, મણિનગર તેમજ સાબરમતી રિવરફ્રન્ટ (ઈસ્ટ અને વેસ્ટ) વિસ્તારમાં આ હથિયારબંધી લાગુ કરાઈ નથી. ખાસ કરીને સિંધુભવન રોડ, જજીસ બંગલો રોડ અને ગુજરાત યુનિવર્સિટી જેવા વિસ્તારોમાં પ્રતિબંધ ન હોવાથી અનેક સવાલો ઊભા થયા છે.

પોલીસ તંત્રની સ્પષ્ટતા મુજબ જે પોલીસ સ્ટેશન વિસ્તારોમાં શરીર સંબંધી ગંભીર ગુનાઓ આચરવાની કે શાંતિ ડહોળાવાની શક્યતાઓ વધુ હોય તેવા જ ૩૫ વિસ્તારોમાં આ જાહેરનામું અમલી બનાવવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે પૂર્વ પોલીસ કમિશનર જી.એસ. મલિકના સમયમાં બહાર પાડવામાં આવતા જાહેરનામામાં સમગ્ર અમદાવાદ શહેરને આવરી લેવામાં આવતું હતું. જોકે વર્તમાન જાહેરનામાનો ભંગ કરનાર કોઈપણ વ્યક્તિ સામે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ મુજબ કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેવી પોલીસ કમિશનર દ્વારા સૂચના આપવામાં આવી છે.

## વિકાસની આડમાં ધંધા-રોજગાર પર માઠી અસર

# સાવરકુંડલામાં રોડ-રસ્તાની કામગીરીમાં આયોજનના અભાવે ટ્રાફિકની સમસ્યા

અમરેલી, તા.૧૮

અમરેલી જિલ્લાના મહત્ત્વના ગણાતા સાવરકુંડલા શહેરમાં ટ્રાફિકની સમસ્યાએ અત્યંત ગંભીર અને વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું છે. શહેરમાં ચાલતી રોડ-રસ્તાઓની ધીમી ગતિની કામગીરી અને પોલીસ તંત્રના યોગ્ય આયોજનના અભાવે ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાઈ રહ્યા છે. જેના કારણે સ્થાનિકો, વાહનચાલકો અને વેપારીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.સ્થાનિકોના જણાવ્યા અનુસાર, સાવરકુંડલાના સૌથી વ્યસ્ત ગણાતા મુખ્ય મહુવા રોડ પર છેલ્લાં કેટલાક સમયથી રોડ-રસ્તાના કામો ચાલી રહ્યા છે. યોગ્ય ટ્રાફિક નિયમનના અભાવે માર્ગ પર ટ્રાફિકજામની સમસ્યા રહે છે. ઉલ્લેખનીય છે કે, શહેરની સરકારી કચેરીઓ તેમજ નાના-મોટા ખાનગી હોસ્પિટલો આવેલી છે. જેમાં અવારનવાર સર્જાતા ટ્રાફિક જામના કારણે એમ્બ્યુલન્સ સહિતના ઈમરજન્સી વાહનો પણ ફસાઈ જતાં દર્દીઓના જીવ તાળવે ચોંટી જાય છે.વેપારીઓએ જણાવ્યું કે, રોડનું ખોદકામ અને ટ્રાફિકની સમસ્યાના કારણે સાવરકુંડલાના વેપારીઓના ધંધા-રોજગારને માઠી અસર પડી છે. જેમાં ગ્રાહકોને દુકાનો સુધી પહોંચવામાં હાલાકી વેઠવી પડે છે. સ્થાનિકો અનુસાર, વિકાસના નામે યોગ્ય આયોજન વગર કામગીરી ચલાવાતા ટ્રાફિકની સમસ્યા સર્જાઈ રહી છે.શહેરમાં રોજબરોજ સર્જાતી ટ્રાફિક સમસ્યાને હલ કરવામાં સાવરકુંડલા સિટી પોલીસ તંત્ર નિષ્ફળ નિવડ્યું છે. હાલાકી ભોગવતા સ્થાનિકો અને વાહનચાલકોમાં પોલીસ તથા નગરપાલિકા તંત્ર સામે ભારે નારાજગી વ્યાપી ગઈ છે. સ્થાનિક પ્રજાની ઉગ્ર માગ છે કે, તંત્ર ઊંઘમાંથી જાગીને ટ્રાફિક સમસ્યાના કાયમી ઉકેલ માટે તાત્કાલિક અને નક્કર પગલાં ભરે.

# અછોડાની જેમ સ્કૂટર ઉપર મોબાઈલ સ્નેચિંગ કરતા બે ગઠીયા પકડાયા

વડોદરા,તા.૧૮

વડોદરાના ફતેગંજ અને આસપાસના વિસ્તારમાં મોબાઈલ લૂંટવાના બનેલા બનાવોની તપાસ દરમિયાન પોલીસે બે ગઠીયાને ઝડપી પાડવામાં સફળતા મેળવી છે. પ્રાથમિક પૂછપરછમાં તેમણે ટૂંકા ગાળામાં ત્રણ મોબાઈલ લૂંટ્યા હોવાની વિગતો ખુલી છે.

ફતેગંજ વિસ્તારમાં રીક્ષા ચાલકનો મોબાઈલ લૂંટી બે યુવકો ફરાર થઈ જવાના બનાવની તપાસ દરમિયાન સયાજીગંજ પોલીસે કડક બજાર વિસ્તારમાંથી રીક્ષા ચાલક આકીબ ઈસ્માઈલ ભાઈ સૈયદ (કમાટીપુરા, ફતેગંજ) ને ઝડપી પાડી તેની પાસેથી મોબાઈલ કબ્જે કર્યો હતો.આરોપીની પૂછપરછ દરમિયાન એક અઠવાડિયા પહેલા પણ તેમણે પ્રતાપગંજ ચોકી પાસેથી પસાર થતાં એક યુવકને રોકી તેનો મોબાઈલ લૂંટી લીધો હોવાની કબુલાત કરી હતી. પોલીસે આકીબના સાગરીત ફૈજાન ઉર્ફે બીડી ઈખત્યાર ભાઈ પઠાણ (સ્લમ ક્વાટર કમાટીપુરા) ને નરહરી હોસ્પિટલ પાસેથી શોધી કાઢી તેની પાસેથી પણ મોબાઈલ કબજે કર્યો હતો.

માલિક પંડયા નિરવ અનિલભાઈ મુદ્રક બિપીન જગદીશચંદ્ર ઉપાધ્યાય દ્વારા ઉપાધ્યાય પ્રિન્ટર્સ, પ્લોટ નં.૨૩૦૫, જીઆઈડીસી એસ્ટેટ, પાનોલી ૩૯૪૧૧૬, જી.ભરૂચ, ગુજરાત ખાતે મુદ્રિત કરી પ્રકાશક તેમજ સંપાદક પંડયા નિરવ અનિલભાઈએ બી/૧૩, ભાવના ફાર્મ, રાજપીપળા રોડ, અંકલેશ્વર, તા.અંકલેશ્વર,જી.ભરૂચ, ગુજરાત રાજય ખાતે સંપાદિત કરી પ્રકાશિત કર્યું.
OWNED PANDYA NIRAV ANILBHAI, PRINTED BY PRINER BIPIN JAGDISHCHANDRA UPADHYAY AT UPADHYAY PRINTERS, PLOT NO. 2305, GIDC ESTATE, PANOLI-394116, DIST. BHARUCH, GUJARAT STATE, EDITED AND PUBLISHED BY PANDYA NIRAV ANILBHAI AT :B/13, BHAVNA FARM, RAJPIPLA ROAD, ANKLESHWAR, TA.ANKLESHWAR, DIST.BHARUCH, GUJARAT STATE.

19-08-2026_NewsEye_206__4